# अध्यात्म

વર્ષ : ૧૧ અંક : ૪ જાન્યુઆરી : ૧૯૯૦



### * સદ્‌ભાવભરી ભેટ *

કળીયુગમાં દાનનો મહિમા મોટો છે. ગરીબો ને જરૂર-મંદોને અન્ન, વસ્ત્ર કે ધનથી સહાય કરવી એ જરૂર દાનનો એક પ્રકાર છે, તો સદ્‌પ્રવૃત્તિમાં સહાયરૂપ થવું એ પણ દાનનો જ બીજો પ્રકાર છે. આ દુનિયામાં કોઈ પણ વ્યક્તિ ઉપર મોટામાં મોટો ઉપકાર કે અહેસાન હોઇ શકે કે એને આત્માભિમુખ કરવો કે સન્માર્ગે વાળવો એ છે. અધ્યાત્મ માસિકનું પ્રયોજન પણ એજ છે. એટલે આવી સત્કર્મપૂર્ણ સહાય આપતા રહેવા બદલ અમે ગ્રાહકો ને વાંચકોના ખરેખરે અહેસાનમંદ છીએ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.

૧૬૦ શ્રી ભગુભાઈ એન. પટેલ, બોલ્ટન. યુ. કે.
૨૦૧ ડૉ. શ્રી હિમાંશુ પાઠક, સુરત.
૧૫ શ્રી જેઠાલાલ ચુનીલાલ દેસાઇ, અમદાવાદ. ઓપરેશન સફળ થવા બદલ.
૧૪૧ શ્રી જે. પી. મિસ્ત્રી, કડીપાણી.
૫૧ શ્રીમતી રમાબેન વી. ચંદારાણા, બોલ્ટન.
૨૧ શ્રી સુરેખા ભાવસાર, સુરત. જન્મદિન નિમિત્તે.
૫૧ શ્રી પ્રકાશચંદ્ર મગનલાલ જાની, વડોદરા. માતાજી હરિગંગાની તબીયત સુધરતાં.
૧૧ શ્રી વલ્લભભાઈ બી. સવજાણી, રાજકોટ. પેન્શન મંજુર થતાં.
૯૯ શ્રી ધીરજભાઈ ગાંડાલાલ મોઘરિયા, ધાંગધ્રા.
૫૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.
૨૧ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી. રીટાયર્ડ થવાના છેલ્લા પગારમાંથી.

( અનુસંધાન પાના ૧૨ ઉપર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | 3 |
| પૂ. માનું ધર્માર્થે વિદેશ વિચરણ | તંત્રી | ૧૦ |
| ભાવાત્મક એકતા | ડૉ. રણજિત પટેલ | ૧૩ |
| ચણોઠી | ધૂની માંડલિયા | ૨૦ |
| પરમસમીપે | ગોરધનભાઇ કલોલા | ૨૧ |
| મૃત્યુ પહેલાં અને પછી શું કરી શકાય? | રતિલાલ ભાવસાર | ૩૨ |
| હે મા! | આશા ભક્ત | ૪૧ |
| શ્રદ્ધાનાં પારખાં | નારાયણ હ. જાની | ૪૫ |
| ગીતાધર્મ | લાભુભાઇ દવે | ૪૮ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૪ |
| પતીજ તારી જાશે | દુર્લભજી ભક્ત | ૬૦ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ જાન્યુઆરી–૧૯૯૦ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

**ભાદરવા વદ બારશ ૨૦૩૬, તા. ૫–૧૦–૮૦, રવિવાર**

**સ્થળ : સરદારનગર, ભાવનગર.**

સવારે માતાજી પાસે પૂ. શ્રીની સૂચના પ્રમાણે ગીતાનો ૧૨ મો ને ૧૫ મો અધ્યાય સંસ્કૃતમાં અમે બન્નેએ કરવા માંડ્યો.

ત્યાંજ વડોદરાથી આવેલા સૌ ભક્તો વારાફરતી આવીને પ્રણામ કરી સૌએ પોતાની બેઠક લઇ લીધી.

ગીતાપાઠ પછી ગઇકાલની ધૂન ફરી શરૂ કરી.

થોડી જ વારમાં સ્મશાન–યાત્રાની શરૂઆત થનાર હતી. તૈયારી બહાર ચાલી રહી હતી. બહાર ભાવનગરના જાણીતા ભક્ત મિલમાલિક ભાઇશ્રી બકુભાઇએ એક સુંદર ખુલ્લા ઊંચા મેટાડોરની વ્યવસ્થા કરી હતી. તેને ફૂલોથી સજાવી દેવાયું છે. બહાર આવેલાં સૌ ધૂન ભજન ગાઇ રહ્યાં છે.

ધૂન અંદર બેઠેલા સૌએ પૂરી કરી. પૂ. શ્રીએ સૂચના આપી. માતાજી પાસે માત્ર એમની દીકરી, એમના દેવસ્વરૂપ પુત્ર અને હું (તારાબેન, પૂ. શ્રી યોગેશ્વરજી અને સર્વેશ્વરી) એમ ત્રણ જણ રૂમમાં રહ્યાં. બાકી સૌ બહાર ગયા.

પૂ. શ્રીએ ફરીથી માતાજીના પવિત્ર દેહને ગંગાસ્નાન કરાવ્યું. માતાજીએ વરસોથી પોતાનાં, અંતિમ અવસ્થાના કપડાં જે એક થેલીમાં તેઓ સાથે જ રાખતાં તે બહાર કાઢી પૂ. શ્રીએ તેમના દેહ ઉપર મૂક્યાં. વળી, માતાજીના ભાઇ વડોદરાથી આવ્યા હતા તે પણ સામાજિક રિવાજ મુજબ માતાજીને માટે એક સફેદ સાડી લાવ્યા હતા, જેથી તે પણ એમના દેહ પર મૂકવામાં આવી.

ફૂલોના હારથી માતાજીનો દેહ ઢંકાઇ ગયો હતો. સુગંધિત પુષ્પ જેવું જીવન જીવનાર મા સાચેજ પુષ્પ શૈયામાં પોઢી ગયાં હતાં. ફૂલની નવી ચાદર એમના ઉપર મૂકવામાં આવી.

માતાજીના દેહવિલયને ૨૪ કલાક થઇ ગયા હતા છતાં એમના દરેક અવયવોમાં એવી જ મુલાયમતા, એમના મુખ ઉપર એવી જ તેજસ્વિતા, એવી જ શાંતિ જણાતી હતી. ક્ષણભર તો એમ લાગ્યું કે આ દેહને સ્મશાને લઇ જવાની ઉતાવળ તો નથી કરતાં ને!

સમયસર બ્રાહ્મણોના હાથે જ માતાજીનો દેહ બહાર મોટરમાં ગોઠવાયો.

સૌ ભક્તો પોતપોતાની ભાવના પ્રમાણે ફૂલના હાર અર્પણ કરતા હતા. માતાજીનો દેહ ફરી એકવાર પુષ્પોથી ઢંકાઇ ગયો.



સૌ ભક્તો ધૂન ભજનો ગવડાવતા હતા ત્યાં જ પૂ. માતાજીનો દેહ મૂકાયો. પછી સૌ પ્રથમ પૂ. શ્રી એમની પાસે મૂકાયેલી ખુરશી ઉપર બેસી ગયા. ત્યારબાદ એમની દીકરી પછી સર્વેશ્વરી બેઠાં. ત્યારબાદ માતાજીના ભાઇ–ભાભી, માતાજીના જમાઇ, માતાજીના દૌહિત્રો અને બાલુભાઇ, નારાયણભાઇ બેઠા. એક દૌહિત્ર આગ લઇને ચાલે છે.

માતાજી ભર્યાભાદર્યા પરિવારની હાજરીમાં પોતાની અંતિમયાત્રા શરૂ કરે છે. ઉપર માતાજીના મસ્તક પાસે સર્વેશ્વરી, પૂ. શ્રી અને તારાબેન બેઠાં છે. સર્વેશ્વરીએ માતાજીને પ્રિય એવી ધૂન બોલાવવી શરૂ કરી.

શ્રી રામ જય રામ જય જય રામ,
જય રઘુનંદન જય ઘનશ્યામ,
મુરલી મનોહર રાધેશ્યામ.

અને એમાંજ બીજી બે પંક્તિ સર્વેશ્વરીએ પોતાની ઊમેરી–

જય જયશ્રી જ્યોતિર્મયી માત,
ધન્ય ધન્ય હે તપસ્વિની માત,
વંદુ તુજને વારંવાર.

આ અંતિમયાત્રા શરૂ થઇ, તે મહાન ત્યાગી માતાને એ રીતે વંદના જ શોભેને!

આખીયે અંતિમયાત્રા ધૂનથી નવી જ ભાત પાડતી હતી, સૌ ભક્તો ખૂબ પ્રેમથી ધૂન ઝીલતા હતા. આખાયે માર્ગે એ ધૂન ચાલુ રહી.

પૂ. શ્રીની આજ્ઞા મુજબ–

સર્વેશ્વરી પણ સ્મશાન યાત્રામાં સ્મશાનભૂમિ સુધી જોડાયાં છે. માતાજીના અંતિમ શબ્દોને જાણે પૂર્ણપણે પાળતા હોય તેમ માતાજીને છેવટ સુધી સાથ આપવાનો હતો.

માતાજીએ ઘણીવાર કહ્યું, "મને છોડીને તું જઇશ નહીં. મારી સાથે જ રહેજે," એ શબ્દોને અક્ષરશઃ પાલન કરવા એ અમારી ફરજ હતી.

સ્મશાનયાત્રા પૂર્ણ થઇ. ધૂન પૂર્ણ થઇ. માતાજીને નીચે ઉતારી અગ્નિદાહના સ્થાને લઇ ગયા. ચિતાને ગોઠવવામાં આવી. વડોદરાથી અમારા પ્રેમી ભાઇશ્રી જીતુભાઇ ગાંધી માતાજીના અગ્નિ સંસ્કાર માટે સુખડનાં કાષ્ઠ લાવ્યા હતા, તે ગોઠવવામાં આવ્યાં માતાજીના શરીરને ધીમેથી બ્રાહ્મણોએ ચિતા ઉપર મૂક્યું. ચિતાને પેટાવવા ⁚ આવી.

આ સમગ્ર ક્રિયા દરમ્યાન પૂ. શ્રી માતાજીના દેહ પાસે જ ઊભા રહ્યા. જરૂરી સૂચના આપતા રહ્યા. સર્વેશ્વરી અને તારાબેનને પોતાની પાસે જ ઊભાં રાખ્યાં.

પૂ. શ્રીના જીવનનો આ પહેલો પ્રસંગ છે જ્યારે પૂ. શ્રી સ્મશાનમાં આવે છે. પોતાના માતૃભક્ત હૃદયની અભિવ્યક્તિ પોતાની માતાની અંતિમ સંસ્કારની ક્રિયામાં હાજર રહીને કરી શક્યા હતા.

આજે સવારે જ જ્યારે માતાજીના દેહને સ્મશાન યાત્રા માટે બહાર લાવવામાં આવી રહ્યો હતો ત્યારે માતાજીના ભાઈએ પૂ. શ્રીને કહ્યું, "માતાજીના દેહને હાથ આપીને અહીં મૂકો."

પૂ. શ્રીએ કહ્યું–"મારે સાંસારિક રીતે એવું કરવાની જરૂર



નથી એમના પાર્થિવ દેહને તમે તો હાથ અડાડો, પણ મેં તો એમનો હાથ જીવતાં જ પકડીને હવે જગદંબાના દિવ્ય સ્વરૂપમાં ભેળવી દીધો છે. આ તો ખાલી ખોખું છે."

વિધિઓથી માતૃભક્તિ જણાય એવું નથી એમ પૂ. શ્રી સ્પષ્ટ માને છે.

અગ્નિસંસ્કારની પૂર્ણક્રિયામાં પૂ. શ્રીએ તટસ્થભાવે ઊભા રહી હાજરી આપી.

સ્મશાન ભૂમિમાં થોડો સત્સંગ પણ થયો. બપોરે લગભગ ૧ વાગ્યે અમે સહુ ઉતારા ઉપર પાછાં આવ્યાં. સ્નાન કર્યું.

બહારગામથી આવનાર સૌ ભક્તોને ભોજન માતાજી તરફથી આપવામાં આવ્યું.

સાંજે શ્રદ્ધાંજલિનો નાનકડો કાર્યક્રમ ગોઠવાયો. પૂ. શ્રીએ માતાજીના જીવનની અદ્દભુત, પ્રેરક વાતો કરી.

બહારગામના સૌ ભક્તોએ સાંજે છ પછી ૧૨ સુધીમાં વારાફરતી વિદાય લીધી.

આજે આખોયે દિવસ માતાજીની વાતો કરતાં કરતાં પૂ. શ્રીનું હૈયું ભરાઇ આવતું હતું. પોતાની સાધનાનાં એકમાત્ર સાક્ષી, સતત સમજપૂર્વકનો સહયોગ આપનાર માતાની વિદાયથી પોતે ખૂબ વ્યથિત હતા, પણ સ્વસ્થ રહેવાનો પ્રયત્ન પણ એટલો જ કરતા હતા. હરિઃ ૐ

**ભાદરવા વદ તેરશ, તા. ૬–૧૦–૮૦, સોમવાર.**

માતાજીના પાર્થિવ શરીરને અગ્નિસંસ્કાર ગઇકાલે આપી દીધો. માતાજીના પવિત્ર અસ્થિને સામાજિક રિવાજ

મુંજબ અહીંના સત્સંગીઓ દ્વારા ઘરની બહાર જમીનમાં મૂકવામાં આવ્યાં.

એ અંગે પૂ. શ્રીને એ અયોગ્ય લાગ્યું. મારો અભિપ્રાય વ્યક્ત કરતાં મેં કહ્યું કે અમારે ત્યાં તો ભસ્મ દેવસ્થાન પાસે તામ્રપાત્રમાં મૂકવામાં આવે છે. પૂ. શ્રીને એ વાત યોગ્ય લાગી. જેથી આવતીકાલે તામ્રપાત્ર ખરીદવાની વાત વિચારી સર્વેશ્વરીને (મને) કહેવા લાગ્યા. "જુઓ, સંસારમાં માતાપિતાનો સંબંધ તદ્દન નિકટનો ગણાય તે આજે પૂરો થયો. માતાજી અમારા પિતાજીના અવસાન પછી લગભગ ૫૦ વરસ જીવ્યાં. માતાજી જે રીતે પ્રેમપૂર્વક સંભાળ રાખતાં એજ રીતે હવે તમે પણ એથી વધારે પ્રેમ ને મમતાથી સંભાળ રાખશો, એવી મને શ્રદ્ધા છે. જાણે મારી માંદગીથી તમે મારા જીવનમાં આવી ગયાં ને માતાજીની સેવા પણ કરી ને માતાજીએ એક સંતોષ સાથે વિદાય લીધી કે મારી સંભાળ રાખનાર તમે છો."

"વિરોધ ના કરશો. સુખદુઃખનાં હવે તમે જ સાથી છો. માતાજી છે જ અને એમના આશીર્વાદ છે જ એમ માની જીવન જીવીશું–વગેરે"

બપોરે તેમજ સાંજે પણ સતત માતાજીની સ્મૃતિ પૂ. શ્રીના સ્મરણ પટ પર રહી. પૂ. માતાજી જે રૂમમાં રહેતા ત્યાંજ પોતાનો સામાન ને પલંગ મૂકાવી દીધો. માતાજીનો નાનકડો ફોટો પણ ટેબલ ઉપર મૂકવાની ભાવના પૂ. શ્રીએ વ્યક્ત કરી, જેથી મેં અમારા ધોવાનાં કપડાં નલિનીબેન લેવા આવ્યાં ત્યારે તેમની પાસે એક સ્ટીલની નાનકડી ફ્રેમ મંગાવી. ૧૧ વાગ્યે તો એક ફોટો ટેબલ ઉપર પૂ. શ્રીના રૂમમાં મૂકી



પણ દીધો.

વળી બપોરે પૂ. શ્રીએ માતાજીના અંતિમ ઉદ્ગારોની વાતો કરતાં કહ્યું કે માતાજીએ જેને જેને જે જે કાંઈ ઉપદેશાત્મક વાક્યો કહ્યાં તે તે વાક્યોને એક કાગળ ઉપર સારા અક્ષરે લખીને આપણે વાંચી શકીએ એ રીતે રાખીએ તો કેમ? વળી બપોરે પૂ. શ્રીએ ક્યાં ક્યાં મહત્ત્વનાં વાક્યો હતાં તેની નોંધ કરાવી.

આજે સાંજે માતાજીના જીવન વિશે ભાઈશ્રી મણિભાઈ અને મારે બોલવાનું બન્યું માતાજીના પરિચયના પ્રસંગો ઉપરથી માતાજીના વિશાળ વ્યક્તિત્વનો થોડોક પરિચય આપી શકાયો.

આજે પૂ. શ્રીએ ટૂંકમાં મારો પણ પરિચય ને માતાજીની થયેલી સેવાની વાતો કરી.

રાત્રે હળવો નાસ્તો કરી આરામ થાય છે. માતાજીના દેહવિલય પછી પૂ. શ્રીએ આ ઉતારાના મેદાનમાં વૃક્ષનીચે ભોજન ને સાંજનો નાસ્તો લેવાનું પસંદ કર્યું છે. ઘરમાં બેસવું એના કરતાં કુદરતને ખોળે બેસી જે ભાવે તે લઈએ તો જરા સારું લાગે એ વિચારપ્રવાહ પૂ. શ્રીનો છે.

આજે પૂ. શ્રી શાંતિથી નિદ્રા લેશે. એવી શ્રદ્ધા સાથે હું પણ આરામ કરું છું. હરિઃ ૐ

(ક્રમશઃ)

# પૂ. માનું ધર્માર્થે વિદેશ વિચરણ

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી અમેરિકા પનામા ને કેનેડાની વિદેશયાત્રાએ હાલ પધારેલ છે. પૂ. માની આ વિદેશયાત્રા અંગેના કોઈ સમાચાર અમે અધ્યાત્મમાં આપી શકતા નથી, કારણ કે પૂ. માએ તે અંગે કંઈ ન લખવા સૂચના આપેલ છે. એટલે તેઓશ્રીના કેનેડા ખાતેના જન્મદિન ઉજવણીના કાર્યક્રમ સિવાય અમે અધ્યાત્મમાં કોઈ સમાચાર આ અગાઉ આપેલ નથી.

આમ છતાં પૂ. ગુરુદેવ અને પૂ. માના ભક્તોના અમારા ઉપર ઘણા પત્રો આવે છે. તેમાં સૌ પૂ. માના સમાચાર જાણવા ઈચ્છા દર્શાવે છે. પરંતુ વ્યક્તિગત રીતે અમે કેટલાકને જાણ કરી શકીએ?

વળી પૂ. મા પનામા જવાનાં હતાં. અત્યારે ત્યાં યુદ્ધ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. તેથી ભક્તોને પૂ. માના કુશળ સમાચાર જાણવાની જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. આ બધા સંજોગો લક્ષમાં લઈ પૂ. મા જ્યાં જઈ આવેલ છે ને જે કાર્યક્રમો થઈ ગયા છે જેની અમને આછી પાતળી જાણ છે, તે અમે ભક્તોની લાગણીને માન આપી અત્રે રજૂ કરીએ છીએ. એ માટે પૂ. મા અમને ક્ષમા કરે એ પ્રાર્થના છે.

પૂ. મા અહીંથી સર્વ પ્રથમ ઓક્ટોબરમાં ન્યુયોર્ક (નોર્થ બર્ગન) ગયાં ને ત્યાંથી નવેમ્બરના જન્મોત્સવના કાર્યક્રમમાં



ભાગ લેવા કેનેડાના ટોરેન્ટો શહેરમાં અઠવાડિયા માટે પધાર્યાં. ત્યાંના સાધક ભાઈબહેનોને એ રીતે સરસ લાભ મળ્યો. સાડાપાંચસો ઉપરાંત ભાઈ બહેનોએ એ ઉત્સવ નિમિત્તે યોજાયેલ સત્સંગ કાર્યક્રમોનો લાભ લીધો.

કેનેડાથી નોર્થ બર્ગન આવીને પૂ. મા નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં પનામા એક અઠવાડિયા માટે પધાર્યાં. અમેરિકા ને કેનેડાનાં પાંચ છ ભાઈબહેનો પણ પૂ. મા સાથે આ યાત્રામાં જોડાયાં. પનામાનો કાર્યક્રમ ઘણો સરસ રહ્યો.

ભારતમાંથી ત્યાં જનાર આધ્યાત્મિક સંતોમાં પૂ. મા છેલ્લાં કેટલાંય વર્ષોમાં પધારેલ પ્રથમ સંત છે. પૂ. માના ત્યાં બધા જાહેર કાર્યક્રમો એક દેવસ્થાનમાં થયા. આ દેવસ્થાન પૂ. માની ચરણધૂલિ ને ઉપસ્થિતિથી પાવન થયું એટલું જ નહિ, પરંતુ તેઓના સ્વભાવ મુજબ આ સંસ્થાને પણ તેઓએ ૫૦૧ ડોલરની ભેટ ધરી.

પનામાથી પૂ. મા ભક્તો સાથે ડીસેમ્બરના પ્રારંભમાં પાછાં અમેરિકા આવી ગયાં છે. પૂ. મા તેઓની પનામાની યાત્રા અંગે અધ્યાત્મના વાંચકો માટે કંઈ લખે એવી અમારી વિનંતી છે. ત્યાંના ભાવિક ભક્તોનો એ રીતે સહુને પરિચય થશે.

પૂ. મા હાલ અમેરિકાના બીલોક્સી શહેરમાં લગભગ પંદર દિવસ માટે એકાંત અને મૌનમાં છે. પૂ. માનો સાધના યજ્ઞ વિદેશની ધરતી ઉપર પણ એકધારો ચાલ્યા કરે છે. આપણે સહુ પ્રભુને પ્રાર્થના કરીએ કે પૂ. મા એમના આધ્યાત્મિક ધ્યેયની પરિપ્રાપ્તિ કરી આપણા સહુ વચ્ચે ભારત પાછાં પધારે.

પૂ. માના ઉપવાસો છેલ્લા પોણા છ વર્ષથી એકધારા ચાલે છે. એમાં કેટલાય નિર્જળા વ્રતોની આહુતિ પૂ. મા પોતાના સાધનાત્મક યજ્ઞમાં આપતાં જ રહે છે. એથી પૂ. માના ભક્તોને એમના સ્વાસ્થ્યને અંગે ચિન્તા રહે એ સ્વાભાવિક છે. પૂ. ગુરુદેવ પ્રભુ ને ભગવાન એ પરમ શક્તિસ્વરૂપા પૂ. માની સંભાળ રાખતા રહે જ છે, નહિ તો પૂ. મા આટલું બધું ધર્માર્થે વિદેશ વિચરણ શી રીતે કરી શકે?

પૂ. માની આસપાસ તો સત્સંગનો સાગર સતત છલકાતો રહે છે. પરંતુ દૂર રહ્યે રહ્યે પણ અમને એમાંનું જે થોડું આચમન મળ્યું છે, તેનાં થોડાં બિન્દુઓનું પાન સહુ સાધક ભક્તો સાથે કરવા બદલ પૂ. મા અમને ક્ષમા કરે એજ પ્રાર્થના.

પૂ. માના આગળના કાર્યક્રમની અમને કોઇ જાણ નથી. હરિ ૐ.

## સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

૨૫ શ્રી રવજીભાઇ મેઘજીભાઇ કલોલા, ખોરાસાગીર. પુત્રી સરલાના લગ્ન પ્રસંગે

૨૫ શ્રી ગોરધનભાઇ રણછોડભાઇ હીંગુ, ખોરાસાગીર.

૧૧૧ શ્રી અમૃતલાલ હીરાલાલ જોષી, વડોદરા. પગાર વધારા નિમિત્તે.

૨૦૨ શ્રી યોગી કન્સ્ટ્રક્શન કું., વડોદરા વતી શ્રી યતીનકુમાર અનિરૂદ્ધ કાકા.

૫૧ શ્રી છગનભાઇ સોરઠિયા, સુરત



# ભાવાત્મક એકતા

ડૉ. રણજિત પટેલ (અનામી)

(તુકારામના અભંગ અને નરસિંહ મહેતાનાં પદોમાં)

ધરતી પરનું તુચ્છ તરણું તૂટતાં પણ ઉર્ધ્વ ગગનનો અચલિત તારક ચળી જાય એવી વિશ્વ-બ્રહ્માંડની એકતાની વાત, જગતના વિજ્ઞાનીઓ, તત્ત્વચિંતકો અને મન્ત્ર-દૃષ્ટા કવિઓ કરે છે. વિશ્વ-પ્રકૃતિના અનન્ત રાસમાં ને નભોમંડળના દિવ્ય સંગીતમાં પણ ચૈતન્યની એકતાના જ ભણકાર સંભળાય છે. ભિન્ન ભિન્ન ધર્મોનાં દર્શનોમાં ને સંપ્રદાયની વિચારસરણિમાં પણ, મૂળમાં તો, આધ્યાત્મિક એકતાનો જ અણસાર સાંપડે છે. કાળા, ગોરા, પીળા કોઈપણ વર્ણના-રંગના માનવનું રક્ત તો સદાસર્વત્ર લાલ જ હોય છે. જ્ઞાતિવાદ, કોમવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ, સંકીર્ણ રાષ્ટ્રવાદ, ધર્માંધતા કે રાજકીય સંકુચિતતા ભલે રાષ્ટ્રીય એકતાનાં ધ્વંસક પરિબળો હોય પણ મુક્ત ચિત્તના બૃહદ્‌ફલક પર, ભાવાત્મક એકતા તો, સૂક્ષ્મ પ્રકારનો માનસભાવ કે ઉચ્ચ પ્રકારની મનોદશા છે. જેનું મનહર ને મનભર ગાન ગળ્યું છે. સંસ્કૃતિના સર્જક, સંરક્ષક ને સંવાદિતાના સાધક-ગાયક એવા મનીષી સંત કવિઓએ રાજકીય એલચીઓ કરતા સંસ્કૃતિના આ એલચીઓએ, ભારતવર્ષનું સાંસ્કૃતિક વ્યક્તિત્ત્વ ઉપસાવવામાં અતિ મહત્ત્વનું પ્રદાન કર્યું છે." મિસ્ટર વિનસેંટ સ્મિથ કહે છે એ પ્રમાણે ભારતવર્ષમાં ઊંડી તલસ્પર્શી મૂળગત એકતા છે એ

વિષે લવલેશ શંકાને સ્થાન નથી. એ એકતા તે ભૌગોલિક પૃથકત્વ અથવા રાજકીય વર્ચસ્વ બેમાંથી એકે વડે પેદા થતી એકતાના કરતાં ઘણી વધારે ગંભીર છે. એ એકતા લોહી, રંગ, ભાષા, પોશાક, રીતભાત ને સંપ્રદાયની અસંખ્ય ભિન્નતાઓને ભેદીને પાર જાય છે; આવી ભાવાત્મક એકતાનું ગૂઢ રહસ્ય શું છે?

રસશાસ્ત્રની દૃષ્ટિએ જોઇએ તો ભાવ એટલે અપરિપક્વ રસ એટલે પૂર્ણપણે પરિપક્વ થયેલો ભાવ. આમાં વિચારનો પરિપાક પણ અપેક્ષિત છે. ગ્રીક નાટકોની એકતા–ત્રિપુટીમાં, દેશ–કાલ ને ક્રિયાની એકતા અપેક્ષિત છે. તેમ જ ભાવાત્મક એકતામાં પણ 'સત્યનું દર્શન અથવા સત્યનો અનુભવ જેનું નામ ધર્મ છે' તે આ બધાના પાયામાં પડેલો છે જ. આને પ્રતાપે, માનવી આત્માના ઈશ્વરપ્રાપ્તિ વિષેના પુરુષાર્થની હિંદુધર્મની પરંપરા યુગેયુગે વધારે ને વધારે વિશાળ ને વિસ્તીર્ણ બનતી ગઇ છે. રામાનંદ, ચૈતન્ય, કબીર, નાનક, નામદેવ, તુકારામ, નરસિંહ, મીરા જેવા અનેક સન્તભક્ત કવિઓએ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા, પુરાણોના હાર્દને પચાવીને એ ભાવાત્મક એકતાને દૃઢાવી છે, મજબૂત કરી છે.

દરેક ભાષાને પોતાની આગવી વિશેષતા હોય છે. તેમજ સાહિત્યના પ્રત્યેક પ્રકારને પણ અભિવ્યક્તિની ઉત્કૃષ્ટતા હોય છે. અનુકરણથી કે અનુરટણથી નહીં, પ્રેરણા ને સંવાદથી, નિજી અવાજને પામી ચૂકેલો કવિ, સાહિત્યના જે તે સાનુકૂળ માધ્યમદ્વારા પોતાના દર્શનને વ્યક્ત કરે છે. ચોપાઇદ્વારા તુલસીદાસ, દૂહાદ્વારા કબીરદાસ, ઓવી દ્વારા જ્ઞાનદેવ, અભંગો દ્વારા તુકારામ, પદ–પ્રભાતિયાંદ્વારા નરસિંહ–મીરા, છપ્પાદ્વારા



અખો–શામળ ને આખ્યાનદ્વારા પ્રેમાનંદ ને ગરબીદ્વારા દયારામ આ બધા સમર્થ રીતે નિજી અભિવ્યક્તિ સાધી ગયા છે.

ઋષિએ ઋગ્વેદમાં ગાયું છે:–

एकं सत् विप्रा बहुधा वदन्ति।
एकं सन्तं बहुधा कल्पयन्ति।।

આ મંત્રમાં, વિપ્રા બહુધા કલ્પયન્તિ કહ્યા છતાંય, 'એકં સત્'–તો અંતે મૂળમાં છેજ, આપણે ત્યાં અનેક દર્શનો ભલે હોય પણ અંતે સર્વ દર્શનો વાત તો એક સનાતન બ્રહ્મની જ કરે છે. એનો અર્થ એ કે ભિન્નતામાં પણ એકત્વ જ ગર્ભિત છે. આ બધું સમજવા માટે 'કોરી'–શુષ્ક બુદ્ધિ ન ચાલે. એ માટે તો જોઇએ આત્માનુભૂતિ. આધ્યાત્મિક અનુભૂતિ, સત્‌તત્ત્વનો અપરોક્ષ સાક્ષાત્કાર. આવું જ્ઞાન જે સાચું જ્ઞાન કહેવાય ને એનાથી જ મુક્તિ મળે. તત્ત્વજ્ઞાન હોય પણ નૈતિક સદાચાર ન હોય તો એનું કશું જ ફળ ન મળે. એ પુસ્તકિયા વાણી કે પોપટવાણી કહેવાય. પણ આત્માની અનુભૂતિ જ તત્ત્વજ્ઞાન બની સદાચારરૂપે મૂર્ત થાય તો જ તે જગદુદ્ધારક બને. અપરોક્ષ અનુભૂતિનો સાક્ષાત્કાર કરેલ કોઇ પણ ભક્ત સંત કે કવિ જે કંઇ બોલે તે અંતે તો એકત્વની જ વાણી હોય છે. ઋગ્વેદના ઋષિની જેમ. મરાઠી ભાષામાં સંત તુકારામની અભંગવાણી અને ગુજરાતી ભાષામાં ભક્તકવિ નરસિંહ મહેતાનાં પદોની વાણી આવા આત્મસાક્ષાત્કારની વાણી છે. એટલે જ તો તે સૈકાઓથી હજારો નહીં બલ્કે લાખોના લોકહૃદયમાં ને કણ્ઠમાં સચવાઇ રહી છે.

આ સંત કવિઓની વાણીમાં પ્રસાદ સાથે સંવાદ હોય છે અને એ સંવાદમાં જે ભાવાત્મક એકતા હોય છે તે આશ્ચર્યકારક લાગે છે. તુકારામ અને નરસિંહ બંનેય સાચા સંત છે. જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ ને કર્મમાર્ગ કરતાં પણ તેઓ ભક્તિમાર્ગને વધુ મહત્ત્વ આપે છે. એ ભક્તિમાં પણ નિર્ગુણ કરતાં સગુણ ભક્તિને જ તેઓ અનુસરે છે. આ બંનેય સંતભક્ત કવિઓની સગુણોપાસના, વિઠ્ઠલ–કૃષ્ણદર્શનની લાલસા ને એ ઉત્કટ લાલસાની સાથે પ્રેમકલહ ને પરમાત્મપ્રાપ્તિ કાજેનો તલસાટ કે વલવલાટ અનન્ય છે. તેઓ બંનેય માને છે કે 'ભક્તિમાર્ગ અતિ સુલભ છે. એ પાપપુણ્યનું બળ હરી લે છે. એનાથી આવાગમનનો ફેરો છૂટી જાય છે.

તુકારામ કહે છે:–

કરા જપ તપ અનુષ્ઠાન યાગ,
સંતી જે મારગ સ્થાપિયેલે,
સત્ય માનુનિયાં સંતાંચ્યા વચન,
જારે નારાયણ શરણ તુમ્હી.

અર્થાત્–'જપ કરો, તપ કરો, અનુષ્ઠાન કરો, યજ્ઞયાગ કરો. સંતોએ જે જે માર્ગ ચલાવ્યા છે, એ બધાને ચલાવો. સંતોનાં વચનોને સત્ય માનીને તમે નારાયણને શરણે જાઓ.' અલબત્ત, નરસિંહ મહેતા, સંતોએ પ્રબોધેલ નહીં પણ કૃતક અનુષ્ઠાનને નિષેધે છે ને અંતે વાત તો નારાયણને શરણે જ જવાની કરે છે:–

'શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી?
શું થયું ધરી જટા, ભસ્મલેપન કર્યે?
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી?



શું થયું વેદ–વ્યાકરણ વાણી વદ્યે?
શું થયું વરણના ભેદ આણ્યે?'

આ બધા તો પેટ ભરવાના પ્રપંચો છે. જો આતમારામ પરિબ્રહ્મને ન જાણી શક્યા તો બાકી સાચા સંતની જેમ એ પણ કહે છે:–

નિત સેવા, નિત કીર્તન–ઓચ્છવ,
નિરખવા નંદકુમાર રે.

કારણ કે

ભૂતળ ભક્તિ પદારથ મોટું,
બ્રહ્મલોકમાં નાહિ રે.'

જ્ઞાન–કર્મ–યોગ કરતાં પણ ભક્તિનું આધિક્ય દર્શાવતાં તુકારામ કહે છે:–

'યાસી તુળે ઐસેં કાંહીં, દુજેં ત્રિભુવનીં નાહીં.'

અર્થાત્–ત્રિભુવનમાં બીજી ચીજ જ નથી કે જેની સાથે આની પ્રેમામૃતની ભક્તિરસની તુલના કરી શકાય વગેરે.

નરસિંહ મહેતા પણ એના એક પદમાં દુન્યવી સુખ આપનાર પદાર્થોને ગણાવી કહે છે:–

'આ સઘળા પદારથ, મારા હરિની તોલે નાવે રે.' સાચા વૈષ્ણવજનનું હરિના જનનું જીવન જીવી બતાવીને, મહાત્મા ગાંધીએ ભક્તકવિ નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે' એ પદને અમર કરી દીધું છે. તુકારામ પણ એમના ઘણા અભંગોમાં, સાચા વૈષ્ણવ જનનાં ગુણલક્ષણો દર્શાવતાં કહે છે : 'સચ્ચાઇ છોડ્યા વિના, સાચા વ્યવહારથી ધન ભેગું કરો અને તેમાં મનને અટકાવ્યા–રોક્યા સિવાય નિઃસંગ થઇને તેનો ઉપયોગ કરો. પરોપકાર કરો,

પરનિંદા ના કરો અને પરસ્ત્રીને મા–બહેન સમજો, પ્રાણીમાત્રમાં દયાભાવ રાખો. ગૃહસ્થાશ્રમને પરમાર્થનું સાધન બનાવો. બેઠાં બેઠાં રામરટણ કરો. સંતવચનોમાં વિશ્વાસ રાખો, સત્યભાષણનું વ્રત લ્યો. તેથી શું નુકશાન થશે? તુકારામ કહે છે કે આથી તો ભગવાન મળશે. બીજું કંઇ કરવાનું કામ જ નથી.'

પ્રેમલક્ષણા ભક્તિ બંનેયને ઓછેવત્તે અંશે અભિપ્રેત છે. તુકારામ કહે છે:–

'પ્રેમસૂત્ર દોરીને તો તિકડે જાતો હરી' અર્થાત્–પ્રેમસૂત્રની દોરી વડે જ્યાં લઈ જાય છે ત્યાંજ ભગવાન જાય છે.' તો નરસિંહ ગાય છે : 'પ્રેમના તંતમાં સન્ત ઝાલે'. સગુણનિર્ગુણની વાત કરતાં તુકારામ કહે છે : 'સગુણ નિર્ગુણ જ્યાંચીં હીં અંગે, તેથિ આમ્હાં સંગે ક્રીડા કરી'. અર્થાત્–'સગુણ અને નિર્ગુણ બંને જેનાં અંગ છે, તે મારી સાથે રમ્યા કરે છે' તો નરસિંહ ગાય છે : 'સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે, સોનાના પારણા માંહી ઝૂલે.'

આ બંને સંતભક્ત કવિઓ પરમાત્માને ક્વચિત્ પ્રેમથી ઉપાલંભ પણ આપે છે અને નિર્દોષ વિનોદ પણ કરે છે. 'ભોળા ભોળા શંભુ! તમને વિશ્વ વખાણે રે' એ પદમાં નરસિંહ પ્રભુનું પોકળ બહાર પાડી વિનોદ કરે છે. કહે છે : 'લોકો જાણે છે કે તમો મહાયોગી છો પણ તમારા જેવા ભોગી બીજા કોઈ નથી.' કો'ક તો હાથી ઝાલીને કન્યા લાવે જ્યારે તમો તો જટામાં ઘાલીને છૂપાવીને લાવ્યા છતાંય મહાયોગી! એક ઉપર બીજી લાવ્યા છતાંય. આ શી તમારી લીલા છે! તો તુકારામ પ્રભુને પ્રેમથી બુદ્ધિપૂર્વક ઉપાલંભ આપતાં કહે છે:–



'જેણે તુજ ઝાલેં રૂપ આણિ નાંવ।
પતિત હેં દેવ તુઝેં આમ્હી।।
નાહીં તરી તુજ કોણ હો પુસતેં।
નિરાકારી તેથેં એકાએકી।।'

અર્થાત્–જેને લીધે તને રૂપ અને નામ પ્રાપ્ત થયાં તે તારા દેવ અમે પતિતો છીએ. નહીં તો તું રહ્યો નર્યો નિરાકાર. એમને એમ તારો ભાવ કોણ પૂછત? વળી આગળ કહે છે: 'દીવાને શોભા અપાવનાર અંધારું છે. માણેકને શોભા એનું જડતર અપાવે છે. ધન્વંતરિને રાગે અજવાળામાં આણ્યો, પણ શરીરસુખિયો એની શું કદર કરવાનો હતો?' અમૃતને મૂલ્ય પ્રાપ્ત થયું તે ઝેરને લીધે. પિત્તળ ને સોનું એજ કારણે ઊંચાં–નીચાં ગણાયાં. તુકો કહે છે, હે દેવ! તને જે દેવપણું પ્રાપ્ત થયું છે તે અમારે લીધે જ થયું છે.' શી ખુમારી છે તુકાની! સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે આ બંને સંતભક્ત કવિઓએ ભક્તિની, પ્રેમની, સત્યની, અહિંસાની, દયાની, માનવતાની ને સરવાળે વિશ્વબંધુત્વની જ અમરવાણીમાં વાતો કરી છે.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.

## ચણોઠી

ઈ. સ. ૧૯૩૯ (કે-'૪૦)ના મે માસમાં ભાવનગર પરિષદના પ્રમુખપદે આવતા સરદાર વલ્લભભાઈ પટેલને સ્ટેશનેથી જે માર્ગે લઈ જવાના હતા તેમાં વચ્ચે આવતી મસ્જિદમાંથી સરદારનું કાસળ કાઢવાનું કાવતરું ઘડાયું હોવાની છેલ્લી ઘડીએ જાણ થઈ. સાથે મોટરમાં બેઠેલા નાનાભાઈ ભટ્ટ અને બળવંતરાય મહેતાએ તરત માર્ગ બદલવા કહ્યું પણ સરદારે તો હિંમતપૂર્વક એજ માર્ગે મોટર લઈ જવાનો આગ્રહ રાખ્યો. મોટર ત્યાં પહોંચતાં મસ્જિદમાં સળવળાટ થતો સાંભળી સરદારનાં દર્શન કરવા ઊભેલો એક યુવાન બચુ વીરજી તેના તોતિંગ દરવાજે પહોંચી ગયો અને હતું તેટલું જોર કરી મસ્જિદના ઉઘડતાં બારણાને રોકી રહ્યો. જોતજોતામાં અંદરથી હુલ્લડખોરોએ ધસારો કરી બારણા ખોલી નાંખ્યાં અને પેલા યુવાનને ત્યાંજ વધેરી નાંખ્યો. પણ ત્યારે તો સરદારની સવારી ત્યાંથી પસાર થઈ ગઈ હતી! કેવળ બચુની શહાદતના પરિણામે સરદારશ્રી બચ્યા ને બધી યોજના નિષ્ફળ ગઈ.

ધૂની માંડલિયા



# પરમસમીપે (૭)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આજે ૭ માર્ચ '૮૯ ને મંગળવાર, તારીખ, વાર બધું જ બદલાતું રહે છે, નથી બદલાતાં એક મા. એવાં જ મધુરાં એવાં જ રસીલાં, એવાં જ પ્યારાં પ્યારાં. બસ દર્શન કર્યા જ કરીએ, કર્યા જ કરીએ, પછી ક્યાં રહી ઇચ્છા, તપ, યોગ, સ્વર્ગ, વૈકુંઠ કે પરમધામની! શું નથી એ દર્શનમાં?

તીર્થ સકળ ત્યાં ટોળે મળિયાં,
કલ્પવૃક્ષ શું ન્યારું,
સિદ્ધિસદન પ્રેમરસ મંડિત,
સુધા સરોવર સારું,
વસી તે મહીં કૈવલ્ય રહ્યું,
ખૂબ મને તે ભાવ્યું.

ચાલો, ફરીથી એ લીલા દર્શનમાં લાગી જઈએ. આવી તક કંઈ વારંવાર નથી આવતી. આજે પણ ગઈકાલની જેમ છોકરાઓએ લીમડાનાં પર્ણોની સુંદર પર્ણકુટી સજાવી છે. છોકરાઓ સાથે વિનોદગોષ્ઠી કરતાં મુક્ત હાસ્ય રેલાવતાં પૂ. મા બસ પાસે આવી રહ્યાં છે. અત્યારે સવારના ૯-૩૦ વાગ્યા છે. સૌ પૂ. મા સાથે પંઢરપુરના દર્શનીય સ્થળોએ જવા રવાના થયાં છે. પૂ. મા સ્વસ્થ છે. પ્રેમ અને પ્રસન્નતાના સહજ શૃંગારથી નિખરી ઊઠેલા એ મુખારવિંદના દર્શન પછી પણ હવે શું જોવાનું બાકી રહ્યું છે? દિનરાત આ રૂપને

નિરખવાનું મળે તો પછી સમાધિ શું કરવી? બસ ત્યારે ચાલો, પૂ. મા સાથે જ છે. વિહાર કરીએ એ પુનિત પગલે.

પૂ. મા સાથે સૌ તાનપુરે મહારાજના સુંદર સ્થાનમાં દર્શને આવ્યાં છે. અહીં દિવાલોપર, સંતો, ભક્તો અને રામાયણના પ્રસંગોને ચિત્રોદ્વારા કળામય રીતે દર્શાવવામાં આવ્યા છે. પ્રથમ દર્શન જ સાઇનાથ ભગવાનનું છે. શ્રી સાઇનાથ પ્રભુને પ્રણામ કરતાં પૂ. મા કહે "પ્રભુ, તમારા સ્થાનમાં તો તમારાં શાંતિથી દર્શન કરવાં પણ દુર્લભ છે. પરંતુ આ સ્થાનમાં તો તમારું દર્શન કેટલું શાંતિદાયક છે!" રામાયણના પ્રસંગો પૂ. માને ખૂબજ ગમે છે. વિનુભાઇને તેની વિડીઓ ફિલ્મ ઉતારવાનું કહે છે. આગળ ચાલતાં વચ્ચે વિઠ્ઠલનાથ પ્રભુની મૂર્તિ આવી છે. તેને પ્રણામ કરતાં કહે "પ્રભુ, અહીં તો તમારાં દર્શનના પૈસા નહીં આપવા પડેને?" પાસે બિરાજેલા રૂક્ષ્મણી માતાને કહે "કાલે તો તમે નહોતાં મળ્યાં. આજે પ્રણામ સ્વીકારી લેજો." ચિત્રો જોઇ પૂ. મા ત્યાં બહાર ગજેન્દ્રમોક્ષનું શિલ્પ છે ત્યાં થોડીવાર બેઠાં છે. નાના એવા પ્રસંગમાંથી પણ પૂ. મા કેવી હળવી રમુજ કરી લે છે! આજકાલ અમારે બસમાં પ્લાસ્ટિકની કોથળીઓની ખૂબ જરૂર પડે છે. પૂ. માની પ્રસાદી જ એટલી હોય છે કે તે સાચવવા કોથળીઓની બહુ જ જરૂર પડે. પૂ. મા આ વાત જાણે છે. પૂ. મા બેઠાં છે ત્યાં દૂરથી એક પ્લાસ્ટિકની કોથળી ઊડતી આવી. તે કોથળી ત્યાં પાસે ઊભેલી ગાય ખાવા માટે આવે છે. એટલે પૂ. મા કંચનબેનને હસતાં હસતાં કહે "કંચન, દોડ દોડ, પેલી ગાય કોથળી ખાઇ ન જાય!" સહજ સર્જાયેલી એ રમુજથી સૌ સ્હેજે સ્હેજે હસી ઊઠ્યા!



તાનપુરે મહારાજની સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓથી પૂ. મા પ્રસન્ન થયાં છે. અન્નદાન અને વિદ્યાદાન માટે અહીં પૂ. મા મંગળાબેન અને બીજા સૌને પાંચસો, પાંચસો રૂપિયાની સહાય માટે પ્રેરણા આપે છે. ત્યાંથી સૌ અહીંના પ્રખ્યાત કૈકડે મહારાજની 'ચક્રવ્યૂહ ઝૉંપડી'ના દર્શને આવે છે. બસમાં પર્ણકુટી જેવું વાતાવરણ જોઇ પૂ. મા કહે "આતો જાણે સેનેટોરિયમમાં હોઇએ તેવું લાગે છે." બસમાં કંચનબેન પૂ. માની સેવામાં કંઇક રોકાયેલાં છે એટલે બહાર ઊભેલા છોકરાઓને પૂ. મા કહે "હમણાં ઇમરજન્સી વોર્ડમાં ઓપરેશનનું કામ ચાલે છે માટે કોઇ અંદર આવશો નહિ" વળી એક સહજ આનંદની લહર ફરી વળી.

કૈકડે મહારાજની ચક્રવ્યૂહ ઝૉંપડીમાં આપણી પ્રાચીન ધર્મકથાઓને ચિત્રો, અને શિલ્પદ્વારા સજીવન કરવામાં આવી છે. તેનું સર્જન અદ્ભુત રીતે કરવામાં આવ્યું છે. અનેક વળાંકો અને ગોળાઇઓમાંથી પસાર થતાં ચારેક કિલોમીટર ચાલવું પડે છે. દર્શનનો આનંદ જ એટલો છે કે સમય અને શ્રમનો ખ્યાલ જ નથી રહેતો. હવે આપણે પૂ. મા સાથે આ દર્શનયાત્રામાં જોડાઇએ છીએ. અહીં પ્રથમ દર્શન શેંગાવના સંત ગજાનન મહારાજનાં થતાં પૂ. મા ખૂબ ખુશ થયાં છે. પૂ. મા કહે, "આ ગજાનન મહારાજ ઘણાં મહાન સિદ્ધપુરુષ હતા. આપણે તેમનાં દર્શને જવાના હતા પરંતુ સંજોગોવશાત્ જઇ શક્યાં નથી. અહીં બધા દર્શન કરી લો." ચક્રવ્યૂહ ઝૉંપડીમાં સતત ચાલતાં જ દર્શન કરવાનાં છે. એટલે પૂ. મા કહે "બસ, આમ જીવનભર યાત્રા કરતાં જ રહેવું જોઇએ, જેથી સંસારની કોઇ આસક્તિનો સ્પર્શ ન થાય. મને તો યાત્રા કરવાનું ખૂબ ગમે." હવે ચાલતાં ગજેન્દ્રમોક્ષનું શિલ્પ આવ્યું છે તે જોતાં પૂ.

મા કહે "અમારી પાસે પણ પ્રભુ દોડતા આવોને? ક્યારે આવશો?" વિવિધ દર્શનો કરતાં પૂ. માના મુખમાંથી સહજ ભાવો સરતા રહે છે. બધાંને એક સાથે કતારમાં ચાલતાં જોઇ પૂ. મા કહે "આ લશ્કર બાર જ્યોતિર્લિંગ અને ચારધામની યાત્રાએ નીકળ્યું હોય એવું જાણે લાગે છે! વિનોદગોષ્ઠિ માણતા અમે આ પ્રકટતીર્થના સાન્નિધ્યમાં ભાવસભર દર્શનો માણતા જઇએ છીએ."

કૈકડે મહારાજે સ્વહસ્તે એક કરોડ નામજપ લખેલા તે ચોપડા સૌને બતાવતાં કહે "આ સૌએ કરવા જેવું છે." કંચનબેન ઉતાવળે આ દર્શન વિના આગળ નીકળી ગયાં છે. એટલે પૂ. મા કંચનબેનને પાછાં ત્યાં લઇ જાય છે. કંચનબેનના માથે હાથ મૂકી, મસ્તકને સ્વહસ્તે પ્રેમપૂર્વક દબાવી નમાવતાં કહે "આ ભવાટવીમાંથી છૂટવાનો એક માત્ર માર્ગ નામજપ છે, માટે કરતા રહેજો" કાકભુશુંડજીની મૂર્તિ પાસે પૂ. મા કંઇક દિવ્યભાવો અનુભવી રહ્યાં છે. થોડીવાર ત્યાં ઊભાં ઊભાં જ ધ્યાનસ્થ મુદ્રામાં સહજ શાંતિમાં સરી પડ્યાં છે. પાછળથી પૂ. મા કહે "કાકભુશુંડજીની મૂર્તિમાં અમને ચૈતન્યનું દર્શન થયું!" ભક્ત પુંડરિકની માતાપિતાની સેવા જોઇ પૂ. મા પ્રસન્નતાથી બોલી ઊઠ્યાં "કેવો માતપિતાની સેવાનો સુંદર આદર્શ છે!" ગોરાકુંભાર અને ભક્ત રોહીદાસનું કામ કરવા પ્રભુ પધાર્યા છે તે ચિત્ર જોતાં પૂ. મા કહે "અમારું કામ કરવા પણ યોગેશ્વર ભગવાન પધારે છે પણ બીજાને તેની શું ખબર પડે?"

હવે દર્શનો માટે ઉપરના માળે જવાનું છે તે સીડીનાં પગથિયાં ચડતાં કહે "ઉપર જ ચડવું સારું, સંસારમાં નીચે ઊતરવું સારું નહીં. ઉન્નત યાત્રા જ કરો." રસ્તામાં જ્યાં જ્યાં



નીચે નમવાનું આવે ત્યાં યાદ અપાવતાં કહે "નીચા નમજો, નમ્રતા એ મોક્ષનું દ્વાર છે" મરાઠીમાં વારંવાર "પૂઢેચલો" એટલે આગળ ચાલોનું સાઇનબોર્ડ આવે છે એટલે પૂ. મા અવશ્ય બોલે "આગળ વધો, એ જ એક કરવાં જેવું કામ છે." ઘણે ઠેકાણે ચડઉતર કરવી પડે છે. એટલે હસતાં હસતાં કહે, "આતો સ્કર્ટ પહેરીને કરવા જેવી યાત્રા છે." અહીં એકાદ કલાક સુધી સતત ચાલવાનું રહે છે તેથી પૂ. મા કહે "દર્શન કરવાથી અને ચાલવાથી એક સાથે બે કામ સરે છે. એકતો દર્શનથી મન પવિત્ર બને અને બીજું ચાલવાથી તંદુરસ્તી સારી રહે. એટલે આ માર્ગે ચાલવામાં ફાયદો જ ફાયદો છે." વચ્ચે વિશ્રામમાટેની જગ્યા આવી છે. છોકરાએ ઝડપથી આગળ ચાલી પૂ. મા આરામ કરે તેથી તે જગ્યાએ ગાદી બિછાવીને તૈયાર રાખી છે. તે જોતાં કહે, "સંસારમાં બેસવું સારું નહીં. ચાલો ભાઇ, ઉપર ઉઠો" તેમ બોલતાં આગળ ચાલ્યાં. આગળ ટ્રેઇનના ડબ્બા જેવા આકારમાંથી પસાર થવાનું થાય છે, પરંતુ તેમાં બેસવાની સીટ નથી. તેથી પૂ. મા કહે "સંસારીઓ માટે આ ટ્રેઇન સારી, આમાં બેસવાની સીટ જ મળે નહીં, એટલે સતત જાગૃતિ રહે. આળસ ચડે જ નહિં"

હવે દર્શનો પૂરાં થયાં છે. સરોજબેન ઝડપથી નીચે ઊતરી ઊભાં છે. પૂ. મા હજુ ઉપરથી પસાર થઇ રહ્યાં છે. સરોજબેન નીચેથી હાથ જોડી પૂ. માનાં દર્શન કરે છે. તે જોતાં પૂ. મા હસતાં હસતાં કહે, "અમે સ્વર્ગમાંથી દર્શન આપી રહ્યાં છીએ." પૂ. મા તો સાથે અને પાસે જ છે. તેમ છતાં આ નાનકડી યાત્રાને અંતે પણ આ 'સ્વર્ગ'ના ઝરૂખેથી થતાં એ 'માતૃદર્શન'થી સૌમાં અનેરો હર્ષોલ્લાસ છવાઇ ગયો છે. ખરેખર નથી તૃપ્તિ થતી એ દર્શનથી! બસ, મા તમે દર્શન આપ્યાં જ

કરો, અને અમે કર્યા જ કરીએ!

તમોને જોયાં રોજ કરું!
પલક ન પાડું જોઉં તેને,
અમૃત આંખ ભરું!
એક ક્ષણ એ રૂપ તમારું.
સ્વપ્ને ના વિસરું;
ચરણ સમીપ મૂકીને મસ્તક,
ધોયા રોજ કરું.

ચક્રવ્યૂહ ઝોંપડીની આ નાનકડી યાત્રા પણ આ 'પરમસમીપે' કેવી સજીવન બની ગઇ! એ પુનિત પગલે જે ચરણામૃતનો રસાસ્વાદ ચાખવા મળ્યો તેને પચાવીએ તો પણ આપણી તો જીવનયાત્રા પાર ઊતરી જાય! જાહેરમાં કે એકાંતમાં પૂ. માનો પ્રભુ સાથે આજ જીવંત વ્યવહાર, એ જ સહજ વાર્તાલાપ, એ જ સરળ બાળક જેવી પ્રાર્થના.

હરિ! આવો, આવો, આવો!
હરિ! આવો, આવો, આવો!

પંઢરપુરથી સાંજે મહાબળેશ્વર વિઠોબાની યાત્રાના સંસ્મરણો વાગોળતાં પહોંચી ગયા છીએ. સાંજે ૯–30 વાગ્યે સત્સંગસભા મળી છે. પૂ. શ્રી સાથે પૂ. મા અગિયાર વર્ષ પહેલાં દક્ષિણની યાત્રાએ આવેલાં ત્યારે અહીં મહાબળેશ્વર પધારેલાં, તેના પૂણ્યસ્મરણો અત્યારે યાદ કરે છે. પૂ. મા કહે "અહીં અમારી પ્રાર્થના પ્રભુએ અદ્ભુત રીતે સાંભળી હતી. પ્રભુને ધરવા અમે એક કમળનું પુષ્પ પસંદ કર્યું. અમે પૂ. શ્રીને મનોમન પ્રાર્થના કરી કે અમે પુષ્પનો અર્ધ્ય લઇ આપની પાસે ઉપસ્થિત થઇશું, સ્વીકારી લેજો." અમે ત્યાં પાસે આવેલા



ભગવાન શંકરના મંદિરે દર્શનાર્થે પૂ. શ્રી સાથે ગયાં. ત્યારે અમારી પ્રાર્થના પૂ. શ્રીએ અક્ષરશઃ સાંભળી. અમે તો ત્યાં ભગવાન શંકરનાં દર્શન કરતાં પુષ્પનો અર્ધ્ય લઇને ઊભાં હતાં. થોડીવારે પૂ. શ્રી અમારી પાસે સામેથી ચાલીને આવ્યા અને બોલ્યા "લાવો કમળપુષ્પ, પુજારીની પૂજા પહોંચી ગઇ છે" કેવા પુજારી કેવા પ્રભુ! પૂ. શ્રી અને પૂ. માના અલૌકિક આધ્યાત્મિક જીવનના ઊંડા રહસ્યોને પામવાનું આપણું ગજુ નથી. એ મહાસાગરની સપાટીપરના તરંગોનાં દર્શન પણ ક્યાંથી?

પૂ. મા કહે "અમે તો અમારી જીવનનૈયા દીવાદાંડી સમા અમારા પ્રભુના આધારે ઝુકાવી છે. એ જીવનનૈયાને પ્રભુ કેવી રીતે દોરી રહ્યા છે તેનાં અનુભવો અમને આપીને અમારી શ્રદ્ધાને બળવત્તર બનાવી રહ્યા છે." અમારા સંસાર સંબંધે મોટાભાઇ વામનભાઇએ હમણાં જ પ્રાર્થનાભાવે પત્ર લખતાં કહ્યું કે બાપુજીની મિલ્કતમાંથી તમારે સંપત્તિ સ્વીકારવી જોઇએ. અમે તમારો એ હક્ક આપવા માગીએ છીએ. અમે પ્રેમપૂર્વક પ્રત્યુત્તર આપતાં કહીએ છીએ કે એ વિશ્વંભર અમારુ ભરણપોષણ કરી રહ્યો છે. એવા એક નહિ પણ અનેક અનુભવો આપીને અમારી પીઠ થાબડતાં એ અમારી પાછળ જ ઊભા છે. અમે જે કંઇ આપીએ છીએ તેનાથી ઘણું વધારે તે અમને આપી રહ્યો છે. એકવાર અમે શ્રી નારાયણભાઇને રૂપિયા પાંચસો એક સુપાત્ર વ્યક્તિને મદદ માટે આપ્યા. શ્રીનારાયણભાઇએ વિનંતી કરતાં કહ્યુ કે મા, તેને હમણાં જરૂર નથી, પછી આપજો. અમે કહ્યુ કે આજેજ અને અત્યારે જ આપી આવો. તે સુપાત્રને મદદ પહોંચી ગઇ. એ પછી થોડી વારમાં રાજકોટથી શ્રી શાંતિભાઇ આવ્યા. તેમણે પૂ. શ્રીના ચરણોમાં કવર મૂક્યું. અમે જોયું તો પાંચસો રૂપિયા હતા.

અમને થયું કે પ્રભુએ આમાં શું ધાડ મારી? પાંચસો અમે આપ્યા અને પાંચસો પ્રભુએ આપ્યા, વ્યાજપણ નહિ? હજુતો એ દિવસે સાંજ પણ પડી નહતી ત્યાં ભાઈલાલભાઈ આવ્યા તેમણે પૂ. શ્રીને કવર ધર્યું, અમે જોયું તો તેમાં બારસો રૂપિયા હતા. હવે અમને સંતોષ થયો કે હવે પ્રભુ સાચા. અમે આજે પાંચસો આપ્યા તો તેજ દિવસે સાંજ પહેલાં પ્રભુએ અમને સત્તરસો આપ્યા. આ જગતની કઇ બેંક આટલું વળતર આપે છે? અમે તો આંખો મીંચીને હુંડીઓ લખ્યાં કરીએ છીએ અને તે દોડીદોડીને અમારા ખાતામાં ચેક જમા કરાવતો રહે છે. નરસિંહ મહેતાનો એ શામળિયો શેઠ આજે પણ અમારી હુંડીઓ સ્વીકારતો રહે છે. પ્રભુ અમારા ભંડાર ભર્યા જ રાખે છે. એટલે જ અમે ગાઈએ છીએ–

મોજ કર તું, મોજ કર તું, કૃપણતા અળગી કરી,
સાચવી ના રહે ચપળા, સિંધુ કન્યા સુંદરી.
વિગતે એને વાવરી લેજે, ભંડાર જશના લે ભરી,
અંતવેળા તુંને કામ લાગે, ખાધી, ખરચી જે કરી,
ત્રિવિધ તાપ તનથી તજીને, સ્થિર રહીને ઠરી જરી,
પિંગળ વાતે સાંજ વેળા, સમરી લેને શ્રી હરિ–મોજ કર તું.

પૂ. મા કહે "પ્રભુ, ક્યારે, કોને, કેવી રીતે મદદ કરે છે તેનો પાર પામી શકાતો નથી." અમે ઝાંબિયાના લુશાકા નગરમાં શ્રી નાથુભાઇને ઘેર ગયાં ત્યારે પૂજાના રૂમમાં જ અમારો ઉતારો હતો. એ પૂજાગૃહની અંબાજીની મૂર્તિમાં શ્રીનાથુભાઇને અમારા દર્શન થયાં. હરતાં ફરતાં પણ અમારા મુખારવિંદનાં દર્શન તેમને થયા કરતાં. એવી જ રીતે લીવીંગસ્ટનના શ્રી વલ્લભભાઇએ પોતાનો અનુભવ વર્ણવતા કહ્યું હતું કે તમે અમારે ઘેર આવ્યાં તે પહેલાં અમને તમારું



દર્શન થયું હતું, એ દર્શન સાથે અમને એક આકાશવાણી પણ સંભળાઇ કે "અમે દક્ષિણેશ્વરથી આવી રહ્યાં છીએ, અને તેમની સેવા કરજે. આ પહેલાંનો શ્રી વલ્લભભાઇ સાથેનો અમારો કોઇ પૂર્વ પરિચય ન હતો. પ્રભુએ એમને એ રીતે મદદ પહોંચાડવાની હશે એટલે અમને એ રીતે નિમિત્ત બનાવ્યાં."

ઇંગ્લાંડ આવેલા મંગળાબેને પોતાના સંસ્મરણો સત્સંગ સભામાં તાજા કરતાં કહ્યું, "અમને પૂ. શ્રી યોગેશ્વરજીએ સરળગીતા આપતાં તેમાં રહેલાં ભગવાન શ્રીકૃષ્ણ અને પોતાના ફોટા બતાવતાં કહ્યું કે 'આ' અને 'આ' બંને એકજ છે. પ્રેમથી સ્મરણ કરજો અને વળગી રહેજો. પૂ. શ્રીનો આ આશીર્વાદ અમારા માટે સત્ય કર્યો છે. અમને બાળકોની જેમ સંભાળ્યાં છે અને સર્વ રીતે સુખી કર્યાં છે. આજે અમારા પરિવારના એ ઇષ્ટદેવ છે."

આજની સત્સંગસભાના સમાપનમાં પૂ. માએ કહ્યું "સંતોના આશીર્વાદ પચાવવા માટે આધ્યાત્મિક ભૂમિકા તૈયાર કરવી જોઇએ. જાગૃતિભર્યું જીવન જીવવું જોઇએ. સંતો પાસે ચારણી જેવું મન લઇને જઇશું તો એમાંથી બધા જ આશીર્વાદ સરી'જશે. માટે કામ, ક્રોધ, મદ, મોહના કાણાં પૂરીને મનને સ્વસ્થ કરવું જોઇએ. સંતો પાસે જઇએ ત્યારે ઉંબરા બહાર જ અહં, માન, પદ, પ્રતિષ્ઠા છોડીને જવું જોઇએ."

રાત્રિના પહેલાં પ્રહરમાં માની હૂંફાળી ગોદમાં પોઢાડતા છોકરાઓને પૂ. મા મધુર હાલરડું સંભળાવી રહ્યાં છે:–

વંદન કરું પ્રભુ ચરણોમાં આજે,
કોટિ પ્રણામ કરું પ્રેમે રે,
જાણે અજાણે ભૂલો કીધી મેં,

આખા દિવસમાં આજે રે,
ક્ષમા કરી દો બાળ ગણીને,
અંકે પોઢાડો મને આજે રે,
રાતભર મીઠી નિંદ મને આપજો,
સ્વપ્નામાં પ્રેમે પધારજો રે.

પ્રભાતે પ્રભાતિયાથી જગાડતી, આખો દિવસ રમાડતી અને રાતે હાલરડાંથી પોઢાડતી આ માનો વ્હાલભર્યો હાથ નિરંતર એનાં બાલુડાંના મસ્તકે ફર્યા કરે છે. ખરેખર, ત્રિભુવનમાં માની જોડ ક્યાંય નથી. પૂ. માએ તો માનું બિરૂદ બરાબર પાળ્યું છે. આપણે આપણું બિરૂદ સંભાળીએ બાળક થવાનું! પછી તો મા બાળકનો સાથ સનાતન બની મંગળ મહોત્સવ બની જશે. પળેપળ તો અહર્નિશ ઝંખના એક જ છે મા.

ચહું જન્મોજન્મ, શિશુ તુજ હું,
ને મા તું હો મારી.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




## અધ્યાત્મને સહાય

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ૪૬ મો જન્મદિન કેનેડાના ટોરન્ટો શહેરમાં ઉજવાયો. આ પ્રસંગે અમેરિકા ને કેનેડામાં વસતા પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. માના સાડાપાંચસો જેટલાં અનુયાયી સાધક ભાઇ–બહેનોએ નવેમ્બરની ૧૩, ૧૪, ૧૫ એમ ત્રણ દિવસ સુધી સત્સંગની અપૂર્વ રસલહાણ માણી. એનો વિગતવાર અહેવાલ શ્રી સુરેશભાઇ શાહની ભાવિક કલમે આલેખાયેલ ફેબ્રુ. ૯૦ના અંકમાં અમે રજૂ કરીશું.

અહીં તો અમે એટલું જ જણાવા ઇચ્છીએ છીએ કે આ પ્રસંગે શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, ટોરન્ટોના સાધક ભાઇબહેનોએ ભારતના ૬૦ જેટલા ગ્રાહકોનાં તેમજ પરદેશના સાત ગ્રાહકોનાં લવાજમો ઉપરાંત રૂા. ૨૦૬૬ જેટલી રકમ ભેટ આપવાની સરસ કામગીરી પણ બજાવી. જે જે ભાઇબહેનોએ એમાં સાથ સહકાર આપ્યો હોય તે સહુનો અમે આભાર માનીએ છીએ. તે સહુને અભિનંદન.

તંત્રી

### સુવાક્ય

સદ્‌વિચારોનો સાથ પકડો, કુવિચારો આપમેળે જ ચાલ્યા જશે.

સત્પુરુષોનાં દર્શન તથા સમાગમનો લાભ પુણ્યોના પરિપાક વિના નથી મળી શકતો અને એ લાભ મળે છે તે વિફળ નથી જતો પરંતુ અમોઘ ઠરે છે.

# મૃત્યુ પહેલાં અને પછી શું કરી શકાય?

રતિલાલ ભાવસાર

ખરું પૂછો તો, મૃત્યુ આવે–એના કરતાં એ આવવાનું હોય એ અરસામાં જ મરણોન્મુખ વ્યક્તિ, અને ઘરનાં માણસો વધારે ગભરાટ અનુભવે છે–અને વધારે દુ:ખી થાય છે! ખુદ મૃત્યુ કરતાં મૃત્યુનો ભય વધારે સતાવે છે!

એનાં મૂળ કારણ આ–

દુનિયાદારીના વહાલસોયા સંબંધો વચ્ચેથી, અધૂરી એવી આશાતૃષ્ણાઓ સહિત વિદાય થવાનો ધ્રાસ્કો.

મરણ પછી બદલાતી અવસ્થાઓનુ–એટલે કે મૂળભૂત પ્રકૃતિના પરિવર્તનનું કે રૂપાન્તરનુ અ–જ્ઞાન.

ભગવાનની સંરક્ષણ શક્તિમાં અપૂરતી કે અધૂરી શ્રદ્ધા.

–આવાં કારણોસર પેદા થતી ફડક–ભડક જ માણસના મનમાં મૃત્યુ વિશેનાં અનેક બિહામણાં ચિત્રો ઉપસાવે છે! ખરેખર તો, એ કાલ્પનિક ભયભૈરવ જ ભયંકર છે!

બાકી, જીવન સાથે જોડાયેલા મૃત્યુના રહસ્યનું–એટલે કે એના ખરા મર્મનું અને હેતુનું જ્ઞાનભાન થતાં, અંધકારનો એ પડદો ઊંચકાશે! મૃત્યુ 'મુક્તિપર્વ' સમું મહામંગલકારી જણાશે! वासांसि जीर्णानि–ના ગીતાબોધ પ્રમાણે, જૂનું જીર્ણ વસ્ત્ર ઉતારીને નવું નક્કોર રેશમી વસ્ત્ર ધારણ કરવાનો અનોખો



અવસર ગણાશે! શાશ્વત એવા જીવનપટની સમગ્રતા, સળંગતા અને અખંડતામાં મૃત્યુની યોજના એ સર્જનહારની કેવી અકળ લીલા છે–કેવો મહાનમાં મહાન અને કલ્યાણકારી આશીર્વાદ છે તે સમજાશે! હરિ: ૐ

તો, આખરી અવસ્થામાં મૃત્યુદેવતાના આગમન ટાણે શાન્તિ, સમતા અને ધીરજ રાખીને આત્માના શ્રેય–કલ્યાણ અર્થે શું કરી શકાય તે નિર્દેશવાનો યત્ન–પ્રયત્ન અહીં કરું છું.

પ્રથમ તો, મંદવાડમાં મરણપથારી પર પડેલી નાની કે મોટી ઉમ્મરની વ્યક્તિએ કર્તવ્યદૃષ્ટિએ શું કરવું–અને શું ન કરવું એ વિશેના કેટલાક મુખ્ય અને મહત્ત્વના મુદ્દા જોઈએ–

'જીવ'ને ક્રમે ક્રમે 'શિવ' બનાવવા કાજે, પૂર્ણતાને પંથે દોરી જતા વિકાસક્રમ (Evolution)ના ઈશ્વરી નિયમ અનુસાર, જન્મને બીજે છેડે મૃત્યુ છે. છેક અનાદિ કાળથી સૌને માટે નિર્માણ થયેલું છે–આ નક્કર વાસ્તવિક હકીકત (Fact)નો ઊંડી સમજદારીપૂર્વક મસ્તક નમાવીને સ્વીકાર કરવો.

અને, ભયમુક્ત થવા માટે મંગલમય ભગવાનનું શરણ લઈ તેની સહાય–મદદ માગવી. એના 'અનુગ્રહ' થકી અંતરમાં પ્રગટેલા અજવાળે મૃત્યુદેવને સત્કારવાની ને સમર્પિત થવાની બનતી તૈયારી કરવી. મહાત્મા ગાંધીજીના બોલ છે : 'જેમ જીવવાની કળા છે તેમ મરવાની પણ કળા છે!'

વૃદ્ધાવસ્થા અને વ્યાધિ એ તો પંચભૂતના ઘટ સાથે ઘડાયેલું કુદરતી દુ:ખ છે. એક અટલ 'આર્યસત્ય' છે. આ સ્થિતિ માણસની ઇચ્છાને આધીન નથી.

એટલે, વ્યાધિની પીડાથી કે બીજી કોઈ સમસ્યાની અકળામણથી 'મરણ વહેલું આવે તો સારું!'—એવું કદાપિ ઇચ્છવું નહિ. એમ કહ્યાથી કંઈ વહેલું આવવાનું નથી! એટલે, એવી ઈચ્છા તો, દહાડા કાઢવામાં ઊલટાનો વધારે કંટાળો ઉપજાવે! દરેક દહાડો કંટાળાની અકળામણ વધારતો જ જાય—અને શાન્તિની ક્ષણો હણાતી જાય! એક સીધા સાદા ગણિતની વાત છે આ તો!

'કર્મ'ની થિયરી પ્રમાણે, પોતાનાં સદ્–અસદ્ કર્મોથી (પૂર્વકાળનાં કે પૂર્વજન્મનાં) બંધાયેલા 'પ્રારબ્ધ' પ્રમાણે, કોઈ અસદ્ કર્મનો ઉદયકાળ થતાં, જે દુઃખ–કષ્ટ ભોગવવું પડે—જે પીડાકારી ભોગવવી પડે એનાં કારણો અને એનાં મૂળિયાં પોતાની જાતમાં જ રહેલાં છે. માથે આવી પડતી સ્થિતિ–પરિસ્થિતિ હંમેશાં અંદરથી જ સર્જાતી આવે છે—અને એ માટે માણસ પોતે જ જવાબદાર છે!

કાર્ય–કારણ પરંપરાની આવી સળંગતાનો સંદર્ભ બરોબર સમજી–સ્વીકારીને, એક સાધુ–સંન્યાસીની માફક એ બધું વીરતાથી ભોગવવું. અને, એટલું તો ચોક્કસ કે જે આવે છે તે જવા માટે જ! એની આવરદા બહુ લાંબી ન હોય! એટલે, આ હિસાબે જેટલું ભોગવાશ તેટલું ઓછું થયું—એમ સમજવું.

દેહ અને આત્માની ભિન્નતા પરખવી. ભગવદ્ગીતાનો ઉપદેશ છે કે : જીવનના અખંડ એવા પ્રવાહની ગતિવિધિથી અત્યારે દેહ અને આત્મા સાથે રહેવા છતાં, બંનેના ગુણધર્મો એકબીજાથી જુદા છે. આત્મા ચેતન છે—જ્યારે દેહ જડ છે. આ મૂળભૂત સત્યના પાયા પર રચાયેલા 'ભેદવિજ્ઞાન'ની વિવિધ ભાવનાઓ વડે દૃષ્ટિ, વૃત્તિ અને વલણ બદલી, દેહની



ક્ષણભંગુરતાનું અને આત્માની અમરતાનું વારંવાર ચિંતવન કરવું. પોતાના સાચા 'સહજાત્મક સ્વરૂપ'ને સતત સંકોરતા રહેવું—અને બધી વાતે આત્મભાવને મોખરે રાખવો—જે સદાકાળ શાશ્વત ટકવાનો છે.

આત્મભાવ કેળવતાં કેળવતાં જેમ જેમ આત્મિક ભૂમિકામાં પ્રવેશ થતો જશે તેમ તેમ શાન્તિ, સમતા અને પ્રસન્નતા જેવા આત્માના દિવ્ય ગુણોનો પ્રત્યક્ષપણે અનુભવ થતો જશે.

નશ્વર એવા સંબંધોની અને વસ્તુઓની નશ્વરતા વિશે, અગાઉ વિચાર્યું હોય એના કરતાં વધારે ઊંડાણથી અને વધારે દૃઢ નિશ્ચયાત્મકપણે એને નશ્વર તરીકે દિલમાં બરોબર ઠસાવી દઈએ એટલે અડધો જંગ જીત્યા જાણો! મરણ માટેના સરળ અને શાન્તિમય સંજોગો એવી સમજણમાંથી અને એવી સજાગતા (Awareness)માંથી સર્જાવાના!

માયામય અને અસ્થાયી સંબંધોના રાગ–અનુરાગમાંથી તેમ જ માલ–મિલકત પરત્વેના 'મારા–પણા'માંથી મનને પાછું વાળવાનો યત્ન–પ્રયત્ન કરવો. ઈશ્વરાર્પણ–બુદ્ધિથી એ પરત્વેના વિચારોની આખેઆખી દિશા જ બદલી નાખીએ, તો બેડો પાર થાય!

આ દુનિયાદારીમાંથી એક દિવસ એકલા–એકાકીપણે અને સાવ ખાલી હાથે જવાનું છે અને ભસ્મીભૂત થવાનું છે—એ હકીકત હરહંમેશ નજર આગળ રાખી 'એકત્વ ભાવના' કેળવવી—જેથી કરીને દેહ અને એનાં વળગણ પરત્વેની આસક્તિ છૂટતી જાય—અને મૃત્યુ પરત્વેની નિર્ભયતા વધતી જાય.

પ્રભુની ઇચ્છા પ્રમાણે, મૃત્યુ ભલે જ્યારે આવવાનું હોય ત્યારે આવે, પણ ત્યાં સુધી જીવનની થાપણ કે 'આત્માનું મંદિર' ગણાતા દેહને સારી રીતે સાચવવાની ફરજ છે.

દવા–ઓષધ, પરેજી, પથ્ય એવા આહારનો પ્રકાર અને એનું માફકસરનું પ્રમાણ, વળી પોતાની પ્રકૃતિને શું અનુકૂળ–પ્રતિકૂળ છે એની સમજણ, શરીરના હલનચલનની મર્યાદા–આ બધી બાબતોમાં પોતાના જાતઅનુભવ ઉપરાંત ડોક્ટર કે વૈદ્ય તરફથી મળતી સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરવું.

પોતાની સાર–સંભાળ અંગેની કે બીજી કોઇ બાબતમાં, બીજાંઓ પરત્વેની વધુપડતી આશા–અપેક્ષાઓ અને પોતાના અક્કડ એવા આગ્રહો જેટલે અંશે ઘટાડી શકાશે તેટલે અંશે માનસિક શાન્તિ જળવાશે અને નકામું ટેન્શન ઓછું થશે, ભગવદ્ગીતાનો 'અનપેક્ષ' ભાવ સેવવા જેવો છે. સાધુ–સંન્યાસીની માફક : 'દે ઉસકા બી ભલા, ન દે ઉસકા બી ભલા!'

પથારીવશ અને વ્યાધિગ્રસ્ત વ્યક્તિએ બધી વાતે બીજાંઓનો આધાર–આશ્રય લેવો પડે એ દેખીતું છે. આ કારણસર પોતાની સાર–સંભાળ રાખતાં અને માવજત કરતાં નાનાં–મોટાં સૌને સહૃદયતાપૂર્વક કદરભાવના મીઠા માયાળુ બોલથી રાજી રાખવાં. માણસ ઘરનું હોય કે બહારનું–સૌ કોઇ કામની કદર ઇચ્છે! યશ, કદર અને પ્રશંસા સૌને વહાલી લાગે!

જો શક્ય હોય તો, 'ચક્ષુદાન'નો રૂડો સંકલ્પ કરી શકાય. આજના સમે 'ચક્ષુદાન' જેવો કોઇ પરોપકાર નથી! આવી



પરોપકારવૃત્તિ તો આત્મકલ્યાણના હક સાથે પ્રભુ પાસે પહોંચાડે!

ભગવાને આપ્યું હોય તો, જનસમાજની કોઇને કોઇ સેવાપ્રવૃત્તિ તરફ પણ હાથ લાંબો કરી શકાય, હાથે તે સાથે!

આવા સંજોગોમાં, સંશુદ્ધિ અર્થે સ્વ–નિરીક્ષણનો અભ્યાસ વધારવો ઘટે. મનની શાન્ત એકાગ્ર અવસ્થામાં, શોધકવૃત્તિથી, વર્તમાનના છેલ્લા બનાવથી શરૂ કરી, આગળ આગળ બની ગયેલા ઘનિષ્ઠ અસરકારક બનાવો તપાસતા જવું. એવી તપાસમાં, આપણા પ્રત્યે જે કોઇએ અનુચિત વહેવાર કર્યો હોય તે સૌને માનસિક ઉદારતાથી ક્ષમા આપવી. અને, ખુદ આપણે પોતે કોઇના પ્રત્યે અ–ઘટિત આચરણ કર્યું હોય, કોઇને કંઇ અધર્મ કે અન્યાય કર્યો હોય તે યાદ આવતાં બને તો જે–તે વ્યક્તિ આગળ–અથવા યોગ્ય એવી કોઇ સુજ્ઞ વ્યક્તિ આગળ એની આત્મકબૂલત (Confession) કરી હાથ જોડીને ક્ષમા માગવી.

આ રીતે મન એનાં ઉપરથી નીચે સુધીનાં બધાં પાસાંઓથી જેટલું ખુલ્લું અને ખાલી થશે, જેટલું શુદ્ધ–વિશુદ્ધ થશે તેટલા પ્રમાણમાં ભગવાનની નજીક જવાશે! ભીતરમાં ભગવાનની પ્રસન્ન મંગલમયતા મ્હોરી ઊઠશે! સમજીએ તો, એ પરમ ભગવદ્ચેતના આત્મસ્વરૂપે અંદર જ વિરાજેલી છે–જે સંશુદ્ધિના યત્ન–પ્રયત્નમાં સહાય–મદદ કરવા આતુર–ઉત્સુક છે!

કહેવું હોય તો કહી શકાય કે વ્યાધિ, પીડા અને પથારીવશ પરિસ્થિતિ એ તો હરિસ્મરણ માટેની એક શ્રેષ્ઠ ભૂમિકા છે, કહ્યું છે ને :–

હરિને ભજે તે હારે નહિ,
હરિ વિના કોઇ તારે નહિ!

વધારે અન્તર્મુખ થઇ, પ્રભુની શરણાગતિ અને સ્મરણભક્તિ તરફની નિષ્ઠા વધારવા માટેની–અને એ રીતે પ્રભુ સાથેનો ખરો અંગત અને એકતાભર્યો સંબંધ જીવવા માટેની એક મોટી કૃપા–તક મળી છે એમ સમજવાનું હોય. ઠેઠ મૃત્યુ લગી પહોંચાડનારી આવી અવસ્થાને 'તપ' અને 'સાધના'નું રૂપ આપી એમાંથી આત્મહિત (જેને 'સમાધિમરણ' કહેવામાં આવે છે) સાધવાનો ઉત્તમ લાંભ તારવી શકાય.

હમણાં આજની ઘડીએ મુખ્ય અને મહત્ત્વની વાત છે સમયની–સામે ઊભેલી વર્તમાન ક્ષણોના સદુપયોગની! ભાગ્ય અને ભગવાને હવે છેવાડેનો જે કંઇ સમય બાકી રાખ્યો હોય–તેનો જાણે ભગવાનને હિસાબ આપવાનો હોય કે સાક્ષી રાખવાનો હોય એ રીતે સાચવવો અને સુધારવો. ભવિષ્યકાળને સુધારવા માટે ચાલુ વર્તમાનને સુધારવો જરૂરી છે. પોતાનો સમય સુધારે તે સંત!

આ માટે પોતાના શરીરની હાલત અને પોતાના રુચિવલણ પ્રમાણેના સાધનનો આધાર લઇ શકાય. જો રુચિ અને અનુકૂળતા હોય તો, આધ્યાત્મિક કક્ષાના કોઇ ને કોઇ પુસ્તકના વાચન–મનનવડે તેમજ કોઇ સંત–મહાત્માના પ્રવચનની કેસેટ સાંભળીને મનને સતત પ્રભુમય વિચારોમાં પરોવાયેલું રાખવું. રોજેરોજ આવો સત્સંગ જાળવી રાખીને સમયનો એવો સદ્–ઉપયોગ કરવો કે અંતરાત્મા ચંદન જેવો શીતળ સંતોષ અનુભવે.



જે દિવસે આવો આત્મસંતોષ ઊપજે એવું કશું થયું ન હોય, તો તે દિવસ જાણે ખાલી નકામો અને નિરર્થક ગયો એમ સમજવું જોઇએ. જો શરીર અશક્ત હોય અને બીજું કશું થઇ શકે તેમ ન હોય તો, મનને આખો વખત, સર્વ પરત્વેના શુભ–મંગલ વિચારોમાં રત રાખવું. આ પણ એક સરળ છતાં ઉત્તમ સાધન છે. મનોમય ભૂમિકાના સત્ત્વશીલ વિચારો પણ, સ્થૂલ નક્કર કર્મની માફક આન્તરિક એવું કર્મ ગણાય છે. એની પણ પ્રભાવશાળી અસરો હોય છે–પ્રતિક્રિયાઓ હોય છે અને ચિત્તમાં પણ એના સંસ્કારોની છાપ પડતી હોય છે. આવતા જન્મનો નકશો રચવામાં એવા સાત્ત્વિક સંસ્કારો ભાગ ભજવી શકે ખરા.

મૃત્યુંને સત્કારવાની અને ભેટવાની આવી બધી તૈયારીઓના છેવટના ગાળામાં તો સંપૂર્ણ શરણાગતિથી, પોતાના સકળ અસ્તિત્વની લગામ શ્રી ભગવાનના હાથમાં મૂકી અરજ કરવાની હોય :

તારો શરણાગત છું મારા પ્રભુ! તારી કરુણા અપરંપાર છે!

સર્વ કંઇ તારી ઇચ્છા પ્રમાણે થાઓ! તારો જયકાર હો, પ્રભુ!

(અપૂર્ણ)

---

**સુવાક્ય**

કુંડલીની જાગૃતિ માનવને દેવ બનાવે છે અને ઇન્દ્રિયોનો ગુલામી માનવને સેતાન બનાવે છે, કુંડલીની જાગૃતિ પછી માનવ આનંદના સાગરમાં ઝૂમે છે, પણ ઇન્દ્રિયોની ગુલામી માનવને ઊંડા દુ:ખની ખીણમાં જ ધકેલે છે.

## કેટલાંક જીવન ઉપયોગી પુસ્તકો વેચાણમાં ઉપલબ્ધ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત જાહેર જનતાને દૈનિક જીવનમાં ઉપયોગી એવાં કેટલાંક પુસ્તકો વેચાણથી ઉપલબ્ધ છે. આ પુસ્તકોનાં નામ તથા કિમ્મત નીચે દર્શાવ્યાં છે.

૧. **સરળગીતા** (ગુજરાતી કાવ્યમાં) રૂા. પ. (પ્લાસ્ટીક જેકેટવાળી) રૂા. ૪ (સાદા પૂંઠાવાળી.)

૨. **વિષ્ણુસહસ્ર** (મૂળ સંસ્કૃત તથા ગુજરાતી કાવ્યમાં અનુવાદિત) રૂા. ૪.

૩. **શિવમહિમ્ન સ્તોત્ર** મૂળસંસ્કૃત,સાથે ગુજરાતી કાવ્યમાં તથા ગદ્યમાં અર્થ સાથે રૂા. ૩.

૪. **બિન્દુ** (સુંદર ગેય બાળગીતોનો સંગ્રહ) રૂા. ૪.

પ. **સાધના** (પરમ પૂ. યોગેશ્વરજીનાં પસંદ કરેલાં કાવ્યો ને ગીતોનો સંગ્રહ) મેપલીથો પેપર ઉપર છાપેલાં પ્લાસ્ટીક કવર સાથે રૂા. ૧૦.

૬. **સાઈસંગીત** (શિરડીના સંત શ્રી સાઇબાબાએ આપેલ અનુભવોને અંજલિરૂપ પૂ. શ્રી યોગેશ્વરજીએ લખેલ અદ્દભુત ગેય કાવ્યો ને ભજનોનો સંગ્રહ રૂા. ૪.

૭. **અધ્યાત્મનો અંક** (આધ્યાત્મિક પ્રશ્નોત્તરી) રૂા. ૩–પ૦ (પ્રાપ્તિસ્થાન ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર–૧.)



ઉપરનાં ક્રમાંક ૧ થી ૬ નાં પુસ્તકો ભવિષ્યમાં આ ભાવે મળશે નહિ. દરેક પુસ્તકનું ભારતમાં બુક–પોસ્ટ પોસ્ટેજ રૂા. ૦–પ૦ ગણવું ને તે પ્રમાણે પૈસા અધ્યાત્મને M.O. થી મોકલવા. ચેક સ્વીકારવામાં આવશે નહિ.

## હે મા !

હે મા સર્વેશ્વરી!
બધા સ્વજનોની વચ્ચે ઘેરાયેલી હોઉં,
જાત જાતની વાતો થતી હોય,
વીડીઓ ઉપર મનગમતું ચિત્ર જોતી હોઉં,
પણ ત્યારે, અચાનક જ
મારૂ હૃદય તને યાદ કરે છે,
તારા સ્મરણે મારી આંખ રડે છે,
એ જ શું સાબિતી નથી કે
અમને એકમાત્ર તું જ
સાચુકલું ચાહે છે, હે મા!

**આશા ભક્ત**

શ્રી માધવસિંહ સોલંકીના નેતૃત્વ હેઠળ

## ગુજરાતની પ્રજાના વિકાસના વિવિધ કાર્યક્રમોના ઝડપી

## અમલીકર માટે પ્રતિબદ્ધ રાજ્ય સરકાર

(૧) મોંઘવારી ડામવાના પગલાંને પ્રાધાન્ય.

(૨) સ્વચ્છ અને ગતીશીલ વહીવટીતંત્રની વચનબદ્ધતા.

(૩) બેરોજગારીના ઉકેલ માટે ઔદ્યોગિકરણની પ્રક્રિયા ઝડપી બનાવાશે.

(૪) પીવાના પાણીના પ્રશ્નના ઉકેલને અગ્રતા.

(૫) નર્મદા યોજના ઝડપથી પૂર્ણ કરવા સક્રીય પ્રયાસો.

(૬) ઐતિહાસિક ધિરાણમાં રાહત આપવાની નીતિને સમર્થન.

વહીવટી તંત્રમાં લોકોનો વિશ્વાસ પ્રસ્થાપિત કરવાની નેમ. મોંઘવારી અને બેરોજગારી જેવી સાંપ્રત સમસ્યાઓ ઉકેલવાનો દૃઢ નિર્ધાર અને વિકાસલક્ષી જરૂરિયાતોને સંતોષવાની બાબતને અગ્રીમ પ્રાધાન્ય આપવાના સંકલ્પ સાથે શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યશાસનની ધારા સંભાળી છે.

રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ દૂરદર્શનને આપેલ સૌ પ્રથમ મુલાકાતમાં શ્રી સોલંકીએ જણાવ્યું હતું કે, બાંધી આવકવાળા ગરીબ અને મધ્યમ વર્ગોને ગંભીર રીતે અસર કરતાં મોંઘવારીની સમસ્યાનો સંતોષકારક ઉકેલ લાવવાની કામગીરને રાજ્ય સરકાર પ્રથમ પ્રાધાન્ય આપશે. કારણકે આ પ્રજાસમુહોની આવકમાં જેટલી ઝડપે વધારો થાય છે તેના કરતાં ભાવોમાં ઘણી ઝડપથી વધારો થતો રહે છે. તેમણે જણાવ્યું કે જીવન-જરૂરી વસ્તુઓની ભાવસપાટી નિયંત્રણમાં રહે અને આ ચીજ-વસ્તુમાં પૂરતા પ્રમાણમાં લોકોને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા અને, વાજબીભાવોની દુકાનોએથી વિતરણ થતી ચીજ-વસ્તુઓમાં કોઇ ગેરરીતિ થાય નહીં તે જોવાની સૂચના આપવામાં આવી છે.

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પ્રવર્તમાં બેરોજગારીની ગંભીર સમસ્યા અંગે શ્રી સોલંકીએ રોજગાર નિર્માણની મહત્ત્વની તકો પૂરી પાડવા રાજ્યસરકારના સક્રિય પ્રયાસો કરવાની ખાત્રી આપી હતી. આ સમસ્યાના ઉકેલ માટે ઔદ્યોગિકકરણની પ્રક્રિયા ઝડપી બનાવવા તેમણે ઉદ્યોગો ગ્રામ્યકક્ષા સુધી લઇ જઇ ખેતી ઉપર જ આધારિત ગ્રામસમાજને ઉદ્યોગો દ્વારા રોજગારીની તકો ઘરઆંગણે પૂરી પાડવાની બાબતને મહત્ત્વ આપ્યું છે.

પીવાનાં પાણીના પ્રશ્નના ઉકેલની કામગીરીને ટોચઅગ્રતા આપવા અને રાજ્યના હજુ જે વિસ્તારોમાં પીવાનાં પાણીની સમસ્યા છે તેના ત્વરીત ઉકેલ માટે તાકિદે પાણી પુરવઠાના પગલાં લેવાની બાબતને મુખ્યમંત્રીશ્રીએ મહત્ત્વની ગણાવી છે. પીવાના પાણીના પ્રશ્ન જેટલી જ ખેડૂત વર્ગ માટે મહત્ત્વની બાબત ખેતી માટેની સિંચાઇ સવલત છે. રાજ્યમાં ઉપલબ્ધ ટાંચા સિંચાઇના સાધનોના કારણે પૂરતી સિંચાઇ સવલતો મળી રહે તેવા પ્રયાસો સઘન રીતે હાથ ધરાશે. ગુજરાતની સમૃદ્ધિના અધ્યાય સમી સરદાર સરોવર પરિયોજના શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનો તેમણે સંકલ્પ જાહેર કર્યો છે. આ બહુહેતુક યોજનાને પૂર્ણ કરવા માટે કોઇ નાણાંકીય બાબત અવરોધરૂપ ન બને તે માટે નાણાંકીય સહાય મળે તે માટેના સઘન પ્રયત્નો કરવાની શ્રી સોલંકીએ પ્રતિબદ્ધતા બતાવી છે. આ ઉપરાંત રાજ્યમાં પાતાળકૂવા દ્વારા જ્યાં સિંચાઇ સવલત ઉપલબ્ધ કરી શકાય તેમ છે ત્યાં કોઇપણ જાતના વિલંબ વિના સઘન પ્રયાસો કરીને ખાસ તો નાના અને સીમાન્ત ખેડૂતોને સિંચાઇની સવલત પૂરી પાડવાના કાર્યને અગ્રીમતા આપવામાં આવશે.

## ગંગાસ્તવન

હે મા ગંગા! હે કલ્યાણી!
ક્ષમા કરી દે કર્મ સહુ જે કીધાં જાણી અજાણી!
હે મા ગંગા! હે કલ્યાણી!
સત્ય કહું મા, આજ લગી મેં
કીધું નહીં કોઈ સાધન;
આવી ચઢ્યો છું તારે શરણે કરી દે મુજને પાવન!
મોજ મઝા સંસારતણી મા મૂઢમતિએ માણી!
હે મા ગંગા! હે કલ્યાણી!
દીનજનોનાં દુ:ખ હરવા તેં મોભો સ્વર્ગનો છોડ્યો!
ધરતીના કાદવની સંગે નાતો કેવો જોડ્યો :
જીવ સકલને પાવન કરવા વહાવ્યાં નિર્મળ પાણી!
હે મા ગંગા! હે કલ્યાણી!
વાત કરે લોક તારાં સ્પર્શે દૂર થતાં સૌ રોગ :
અશાંતને પણ મળતી શાંતિ, સુખદ સદા સંજોગ!
મારો પણ છૂટકારો થાશે આવ્યો એવું જાણી!
હે મા ગંગા! હે કલ્યાણી!
આર્તહૃદયથી વિનવું ઘેલો મેલો હું સંસારી,
વાણી મયી પૂજા આ મારી લેજે આજ સ્વીકારી!
શરણે આવ્યાને ઉદ્ધારે નિગમે રીત વખાણી!
હે મા ગંગા! હે કલ્યાણી!

ઈશ્વરભાઈ પ્ર. ભક્ત (પરમાર્થી)



## શ્રદ્ધાનાં પારખાં

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે અમે તા. ૩૧–૮–૮૮ ના રોજ ન્યૂયોર્કથી નીકળી લંડન આવવા રવાના થયા. પૂ. માની ઈગ્લેન્ડની આ યાત્રામાં શ્રી ભગવાનજીભાઈ ભક્ત અને એમનાં પત્ની કંચનબેન પણ હતાં. શ્રી વિનોદભાઈ પટેલ પણ ખાસ રજા લઈ એમાં જોડાયેલા.

અમારી આ યાત્રા ચૌદ દિવસની હતી, કારણકે શ્રી ભગવાનજીભાઈ ને એમનાં પત્નીને તા. ૧૫ મી સપ્ટેમ્બરના રોજ ન્યૂયોર્ક આવીને બીલોક્સી જવાનું હતું. પૂ. મા પણ ઈગ્લેન્ડથી અમેરિકા પાછાં આવવાનાં હતાં. તેઓ ચાર જણ માટે 'એર ઈન્ડીઆની' રિટર્ન ટિકિટો ન્યૂયોર્કથી જ ખરીદવામાં આવી હતી, પરન્તુ તેઓનું પાછા ફરતી વખતનું રિઝરવેશન થયું ન હતું જ્યારે લંડનથી હું ને મારાં પત્ની સીધાં ભારત આવવાનાં હતાં.

લંડન આવ્યા પછી અમારા સત્સંગના કાર્યક્રમો રગ્બી, બોલ્ટન ને લેસ્ટર વગેરે સ્થળોએ ગોઠવાયા હતા. આ દરેક સ્થળ ઉપરથી તા. ૧૪–૯ ના રોજ ન્યુયોર્ક પાછા ફરવાની ટિકિટો 'ઓકે' થઈ છે કે કેમ તે માટે એર ઈન્ડીઆનો ટેલિફોનથી સંપર્ક કરતા રહ્યાં. પરંતુ એકજ જવાબ મળતો "હજુ તમારાં નામ વેઈટિંગ લિસ્ટમાં છે."

આ જાણી શ્રી ભગવાનજીભાઈને ચિન્તા થતી; કારણકે

તેઓએ ન્યૂયોર્કથી બીલોક્સી જવાની તા. ૧૫–૯ ની ટિકિટ અગાઉથી લઇ રાખેલી. એટલે તા. ૧૪–૯ ના રોજ રાત સુધીમાં તેઓને કોઇપણ ઉપાયે ન્યૂયોર્ક પહોંચ્યા સિવાય છૂટકો ન હતો.

જ્યારે શ્રી વિનોદભાઇને શ્રદ્ધા કે પૂ. માએ કહ્યું છે કે તા. ૧૪–૯ ના રોજ પાછા આવી જવાશે, એટલે ભલેને 'એર ઇન્ડીઆવાળા' ટિકિટો ઓ.કે. ન કરે, પરંતુ કશી જ મુશ્કેલી વિના નિર્ધારિત તારીખે ન્યૂયોર્ક પાછા આવી જવાશે જ. પૂ. મા સાથે હતાં એટલે શ્રી ભગવાનજીભાઇનેય થોડી નિશ્ચિંતતા હતી.

આમ કરતાં તા. ૧૪–૯ નો દિવસ પણ આવી પહોંચ્યો. આગલા દિવસે તપાસ કરી તો જાણવા મળ્યું કે "એરપોર્ટ આવી જજો, ત્યાં આવી ચાન્સ લઇ લેજો."

એર ઇન્ડીઆની લંડનથી ન્યૂયોર્કની ફ્લાઇટ બપોરે એક વાગ્યાની. આમ છતાં ચાન્સ લેવા માટે સવારે નવ વાગે ત્યાં શ્રી વિનોદભાઇ ને શ્રી ભગવાનજીભાઇ હાજર થઇ ગયા. તેઓએ આવીને સ્થળ ઉપરના અધિકારીને વિનંતી કરી ને પરિસ્થિતિ સમજાવી, એટલે એણે એમના સામાનનો સ્વીકાર કર્યો ને બોર્ડિંગ પાસ માટે રાહ જોવા જણાવ્યું. એથી એમને નિરાંત થઇ કે "ચાલો હવે જવાનું નો નિશ્ચિત થયું."

પરંતુ વિમાન આવ્યા પછી એમનો સામાન પાછો આપી દેવામાં આવ્યો. કહ્યું "જગ્યા નથી." હવે શું થાય? બધા વિચારવા લાગ્યા.

પૂ. મા પણ એરપોર્ટ ઉપર આવી ગયેલાં. એમને વિદાય આપવા રગ્બી ને બીજેથી ભક્તોય આવેલા. એટલે સહુ



વિમાસણમાં પડ્યા, પરંતુ પૂ. મા કહેતાં કે પ્રભુની ઇચ્છા આપણને લઇ જવાની હશે તો જવાશે, એની ચિન્તા શું? આમ છતાં શ્રી વિનોદભાઇનો વિશ્વાસ હતો કે પૂ. માએ અગાઉ કહ્યું છે એટલે આજે જવાશે જ.

દેખીતી આ વિપરીત પરિસ્થિતિમાં આશાનું કોઇ કિરણ ન હતું, છતાં વિમાન ઉપડે ત્યાં સુધી રોકાવું એવો નિર્ણય કરેલો.

હવે વિમાન ઉપડવાને માત્ર પંદર મિનિટની વાર હતી, ત્યાં 'એર ઇન્ડીઆ'ના લંડન ઓફિસના વડા ત્યાં અચાનક આવ્યા અને એમણે સૂચના આપી કે આ ચાર પેસેન્જરોને લઇ લો. અણધારી આ સહાયથી સહુને આનંદ આનંદ થઇ ગયો. સૌથી વિશેષ શ્રી વિનોદભાઇને અને શ્રી ભગવાનજીભાઇને છેલ્લી ઘડીની પ્રભુની સહાય માટે જાણે પ્રભુએ એમની શ્રદ્ધાની કસોટી કરી.

પૂ. મા જ્યારે વિમાનમાં પ્રવેશવા રવાનાં થયાં ત્યારે ઉપસ્થિત ભક્તોએ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ને પૂ. મા શ્રી સર્વેશ્વરીની જય પોકારી.

લાગ્યું કે હે પ્રભુ, "કદીક તું શ્રદ્ધાનાં પારખાં લેતો," એ વાત સાચી.

### સુવાક્ય

જમીનમાં ભલે ગમે તેટલા સારા બીજ રોપો, કે કિંમતી ખાતર નાંખો, પણ જ્યાં સુધી તેને પાણી નહિ મળે ત્યાં સુધી તો બધું નકામું જ છે. તેવી રીતે જ ગુરુકૃપા વગર બધું જ નિરર્થક છે. પરમધ્યેય પ્રાપ્તિ માટે ગુરુ પાણી અને સૂર્યપ્રકાશની ફરજ બજાવે છે.

# ગીતાધર્મ

લાભુભાઇ દવે (વાલકેશ્વર)

( ગતાંકથી આગળ )

"તમે ઈશ્વરને જોયો છે ?" ના, "મેં તો નથી જોયો" પરંતુ સંતો કહે છે કે "છે." "જવાદો એ વાત, અમે સંતો સાથે સહમત નથી, પ્રભુના અસ્તિત્વની અને તત્ત્વજ્ઞાનની ખૂબ વાતો સાંભળી છે, પરંતુ અમને તમારો પરમેશ્વર મળ્યો નથી, દેખાયો નથી. તમે તેને પ્રત્યક્ષ જોયો હોય તો કહો," જો હું કહું કે પરમેશ્વરને મેં જોયો છે તો તમે માનો, કદાચ પુરાવા પણ માગો, જ્યારે પેલા સંતો કહે કે પરમેશ્વર છે તો તમે ન માનો? ચાલો, તમારી સાથે સહમત થાઉં કે પરમેશ્વર નથી. "હેં! તમે કહો છો, પરમેશ્વર નથી?" હા, હું કહું છું, કારણ તમે મારા સ્નેહી છો, તમારી સાથે મારે સહમત થવું જ જોઇએ, અને સોબતનો રંગ લાગવો જ જોઇએ. "હા, હા, જુવો. તમને પણ અમારી સોબતની અસર થઇ, તમે પણ માનતા થયા કે પરમેશ્વર નથી, કારણ અમે જોયો નથી." હાસ્તો વળી, તમારી સાથે સહમત છું કારણ મેં પરમેશ્વરને જોયો નથી. તમારા રંગે હું રંગાઉ તો મારો રંગ પણ તમને લાગે કે નહીં? "હાસ્તો, લાગેજ તો વળી!"

તો હવે મારા પ્રશ્નનો જવાબ આપો, તમારે હાથ છે? "હાસ્તો, કેવી નાખી દેવા જેવી વાત કરો છો? આ રહ્યા મારા બે હાથ, બંને મજબુત, ભરાવદાર છે," હા, મેં જોયા તમારે બે હાથ છે, નજરે જોયા, તમે બતાવ્યા મેં જોયા, વાત સાચી.



"હાસ્તો છેજ વળી, એ વગર શરીરનો વ્યવહાર કેમ ચાલે?" છેને? હોજરી તથા આંતરડાં? તો જેમ બંને હાથ બતાવ્યા તેમ બતાવોને! જો તમે મને તમારી હોજરી તથા પેટનાં આંતરડાં નહી બતાવો તો હું નહીં માનું કે તમારાં શરીરમાં હોજરી તથા આંતરડાં છે.

"પણ, એ કેવી રીતે બતાવાય?"

ન બતાવાય ને? તો તમે કેવી રીતે માન્યું કે તમારા શરીરમાં હૃદય તથા બીજા ભાગો છે?

"કારણ શરીર શાસ્ત્ર કહે છે,"

મતલબ, એ તમારો અનુભવ નથી, તમે એ અંગો જોયાં નથી, બીજા કહે છે માટે માની લીધુંને?

"હાસ્તો વળી, માનવુંજ પડે, ન માનીએ તો આ શરીરયંત્ર ચાલે કઇ રીતે?"

બસ, બસ, બસ, મળી ગયો જવાબ!!!

"શું કહો છો? શાનો જવાબ?"

પરમેશ્વર તો છેજ, માત્ર તે તમને તથા મને નથી દેખાતો તે નથી દેખાતો. માટે તેના અસ્તિત્વ બાબતમાં શંકા ન કરી શકાય. જો તમે માનો છો કે હૃદય તથા આંતરડાં તમે જોયાં નથી, છતાં શરીરશાસ્ત્ર કહે છે કે છે, તો તમે માનો છો, અને તેના વગર શરીર ન ચાલે. તો પરમેશ્વરને પણ તમે નથી જોયો, છતાં તે છેજ. જો તે ન હોય તો આ સમગ્ર વિશ્વ કેવી રીતે કામ કરે? એક બટન દબાવવાથી પંખો ફરવા માંડે, પંખો તો છત ઉપર લટકે છે. બટન દિવાલ ઉપર છે, તે બંને વચ્ચે

શું ક્રિયા થાય છે, અને કેવી રીતે થાય છે, તેની જાણ આપણને નથી, તો શું પંખો ન ચાલવાનો? પંખાનું આંતરિક જ્ઞાન આપણને નથી. વીજળી આપણે જોઇ નથી. તો શું પંખો ન ચાલવાનો ?" ચાલવાનો જ તો."

તો પરમેશ્વર નથી કહેવાથી પરમેશ્વર મટી જવાનો નથી, પરમેશ્વર છે જ, ચોક્કસ છે. આપણા ઘમંડ, અભિમાન, તોછડાઇના કારણે આપણને નથી દેખાતો, આપણામાં કહેવત છે કે, 'કાંઇ જોઇતું હોય તો બાપ, બનીને ન લેવાય, દીકરો બની નમ્રતા તથા પ્રેમથી લેવાય.' હવે જો સામાન્ય વસ્તુ મેળવવા માટે દીકરો બનવું પડે, તો શું પરમેશ્વરને પામવા માટે આ ક્રિયાઓ જરૂરી નથી? જરા નમ્ર બનીએ, અને પ્રેમ બતાવીએ, એ ચોક્કસ દર્શન આપશે, અને આપણે કહીશું કે ઈશ્વર છે, મેં તેને જોયો છે. માત્ર વિશ્વાસ, તથા શ્રાદ્ધાની વાત છે. જો બહાર જતા હોઈએ અને બિલાડી આડી ઊતરે તો આપણે બહાર જતા નથી, કારણ આપણા મનમાં ઠસી ગયું છે કે બિલાડી આડી ઊતરવાથી શુકન બગડે છે, અને જો આ માન્યતા માન્ય હોય છતાં બહાર જઈએ તો હેરાન થઇ જઈએ છીએ. હવે આજ પ્રમાણે એક દૃઢ વિશ્વાસ, શ્રાદ્ધા મનમાં પેદા કરી દો કે પરમેશ્વર છે જ, અને તેને ભજવાથી તે સહાય કરે છે, પોકારવાથી તે આવે છે, તો તે ચોક્કસ આવશે. ચોક્કસ મદદ કરશે. આપણને આપણું મન મદદ કરે તો જ ઈશ્વર મદદ કરે.

"આ વિજ્ઞાનના યુગમાં તમે કેવી વાત કરો છો ?"

શું કહ્યું વિજ્ઞાનના યુગમાં? વિજ્ઞાનનો યુગ ક્યારે ન હતો? વિશ્વનું નિર્માણ થયું ત્યારથી આ ક્ષણ સુધી વિજ્ઞાનનો યુગ જ



છે. તમે મને કહો કયા સમયે, કયા યુગમાં, કયા કાળમાં, કયા દિવસે, આ ધરતી ઉપર વિજ્ઞાન ન હતું?

"ના, ના, એમ, નહીં, મારો કહેવાનો મતલબ એમ છે કે"

હા, હા, તમારો મતલબ સ્પષ્ટ કહો ને!

"કે, કે, આ વિશ્વ વિજ્ઞાનના આધારે ચાલે છે, તેમાં વળી તમારો પરમેશ્વર ક્યાંથી આવ્યો ?"

બરાબર, તમારી વાત સાવ સાચી. આખી પૃથ્વી, બ્રહ્માંડો, વિજ્ઞાનના આધારે ચાલે છે. બરાબર.

"બરાબર."

તો આ સમગ્ર વિશ્વને ચાલવા માટે કોઇ આધારની જરૂર તો છે જ ને? અને તે આધાર એટલે તમારી ભાષામાં વિજ્ઞાન. બરાબર?

"હાસ્તો!"

હવે અહીં ભાષાની દૃષ્ટિએ શબ્દોનો જ ફેર છે.

"કઇ રીતે?"

તમે જે માન્યતાને 'વિજ્ઞાન' કહો છો, તેને અમે 'પરમેશ્વર' કહીએ છીએ. તમે તેને કાકો કહો છો, અમે તેને મામો કહીએ છીએ. કાકો અને મામો શબ્દ ભલે અલગ હોય પરંતુ વ્યક્તિ તો છે એક જ. અને તે છે પરમેશ્વર.

"ના, વિજ્ઞાન."

ભલે, વિજ્ઞાન. પરંતુ વિજ્ઞાન એટલે, સર્વ શ્રેષ્ઠ તત્ત્વ, અંતિમ સત્તા.

"હા."

તો આપણે આ સર્વશ્રેષ્ઠ તત્ત્વ, અંતિમ સત્તાને સ્વીકારી ન શકીએ?

"સ્વીકારવી જ પડે ને? અમે વિજ્ઞાનમાં માનીએ છીએ."

તો, અમે પણ તમને કહ્યું કે મનમાં દૃઢ નિર્ણય કરી લો કે પરમેશ્વર છે જ, તેને ભજવાથી તે ચોક્કસ મદદ કરે છે, સમય થયે આવી દર્શન આપે છે.

"સમય થયેથી એટલે તમારું શું કહેવું છે?"

સમય થયેથી એટલે જે કામ જે સમયે થવાનું હોય તે જ સમયે થાય. આપણી ઊતાવળે ઊતાવળ ન થાય દા. ત. સૂર્યનારાયણ સવારે છ વાગે ઉદય પામવાના છે, અને સાંજે છ વાગે અસ્ત પામવાના છે, હવે આપણને ખૂબ ઊતાવળ છે કે ભગવાન સૂર્યનારાયણ પાંચ વાગે ઉદય પામે અને ૪ વાગે સાંજે અસ્ત પામે તો?

"એમ તો ન જ થાય ને!"

બસ, ત્યારે, આપણી ઊતાવળે કોઇ કામ ન થાય, જેમ સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, તારામંડળ, આકાશગંગા, તથા બ્રહ્માંડોના નિયમો છે, તે તેમના સમયે બરાબર કામ કરે છે, તેમ તમે પણ તમારું કામ કર્યે જાઓ, આ સમય આપણા માટે ઈશ્વરને ભજવાનો છે, ખૂબ દુર્લભ મનુષ્ય જન્મ મળ્યો છે, તે નકામો, એળે ન જાય માટે, પોતાનું કર્તવ્ય–ભક્તિ કરી લો. ઘડો ભરાતાં પાણી છલકાવા લાગશે. સમય પાકતાં પરમેશ્વર, પરમ પિતા, મહા દયાળુ, મહાદેવ, શિવ, પ્રગટ થઇ ચોક્કસ દર્શન આપશે. આપણે આપણું કામ કરીએ તો શું પરમેશ્વર તેનું કામ નહિ કરે?



"પરંતુ એતો તમારી માન્યતા થઇને?"

તો, તમારું વિજ્ઞાન પણ માન્યતાના આધારે જ આગળ વધ્યું છે, કોઇ પણ મોટા વિજ્ઞાનીને જુઓ, તેણે પોતાનું સંશોધનકાર્ય ચોક્કસ માન્યતાઓના આધારે, દૃઢ વિશ્વાસના આધારે શરૂ કરેલ છે. દા. ત. ડાર્વિનનો ઉત્ક્રાન્તિનો નિયમ, ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ વગેરે.

"સાચી વાત."

તો પછી અમારી વાત કેમ સાચી નહીં? એજ દૃઢ વિશ્વાસના આધારે પૂર્ણ વિશ્વાસથી પરમેશ્વરને ભજવા માંડો, રટવા માંડો રામનું નામ પછી જુઓ, આપણે એક પછી એક પગથિયાં ઊંચે ચડતા જઇ, ખૂબ પ્રગતિ કરીએ છીએ કે નહિ! હિમાલયના ઊંચામાં ઊંચા શિખર ઉપર હોઇશું. પરમેશ્વરનાં દર્શન થશે, પરંતુ આ માટે નિયમિતતા જાળવવી પડશે. આપણે નિયમિત સમયે ઊઠીએ છીએ, નિયમિત સમયે જમીએ છીએ, નિયમિત સમયે કસરત કરીએ છીએ, નિયમિત સમયે દવા લઇએ છીએ, નિયમિત સમયે બસ, ટ્રેન પકડીએ છીએ, નિયમિત સમયે ઊંઘી જઇએ છીએ એજ પ્રમાણે નિયમિત સમયે પરમેશ્વરના નામના મંત્રજાપ રટ્યે જઇએ તો જેને આપણે નથી જોયો એનાં આપણને ચોક્કસ દર્શન થાય.

(ક્રમશઃ)

---

મૃત્યુ એટલે આવું કાંઇક છે : ઈશ્વરે શરીર તરીકે સર્જેલી વેષભૂષા જર્જરીત થતાં આત્મા તે છોડીને નવી વેષભૂષા ધારણ કરે છે.

# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

## કયો મંત્ર સૌથી શ્રેષ્ઠ છે?

જિજ્ઞાસુ : જુદા જુદા મંત્રો વિશે જુદા જુદા માણસો અથવા તો આચાર્યો જુદા જુદા અભિપ્રાયો આપે છે. કોઇ એક મંત્ર જપને શ્રેષ્ઠ કહે છે, તો કોઇ બીજાને. મને લાગે છે કે પોતપોતાની રુચિ પ્રમાણેના મંત્રને સૌ શ્રેષ્ઠ કહેતા હશે. પરંતુ મુશ્કેલી એ ઊભી થઇ છે કે કોઇ એક મંત્રજપની પસંદગી કરીને તેને વળગી રહેવાનું મારે માટે કઠિન બન્યું છે, તો મારે કયા મંત્ર જપનો આધાર લેવો? અને કયો મંત્ર શ્રેષ્ઠ છે?

જવાબ : જુદા જુદા સાધકો કે આચાર્યો પોતપોતાની પસંદગી પ્રમાણેના મંત્રને શ્રેષ્ઠ માને અને બીજાને તે જપવાની ભલામણ કરે એ સમજી શકાય તેવું છે. મનુષ્યનો એ સહજ સ્વભાવ છે. પરંતુ મારી સમજ પ્રમાણે બધાજ મંત્રો શ્રેષ્ઠ છે, કારણકે એ પરમાત્માના વાચક છે. એમની અંદર ઉત્તમ અથવા તો અધમ અને શ્રેષ્ઠ કે કનિષ્ઠના ભેદ પાડવાની જરૂર નથી. બધાજ મંત્રો એક સરખા શક્તિશાળી છે. તેમજ પરમાત્માનો પ્રેમ પ્રકટાવીને પરમાત્માની પ્રાપ્તિ કરાવવાની શક્યતા ધરાવે છે. ફક્ત તમને તેમની અંદર પ્રેમ અને વિશ્વાસ હોવાં જોઇએ, તથા લાંબા વખત લગી તમારે એકધારો એમનો આધાર લેવો જોઇએ. જુદા જુદા માણસોના અભિપ્રાયોથી દોરવાઇ જવાને બદલે, તમારી પ્રકૃતિ પ્રમાણે તમને જે ઠીક લાગે તે કોઇ પણ એક મંત્રને પસંદ કરો, અને એને લાંબા વખત લગી વળગી રહો. તો એનો ચમત્કારિક લાભ તમને જરૂર મળશે. તમને ખબર નથી કે વાલ્મિકીએ રામ મંત્રનો ઊલટો જપ કર્યો હતો? છતાં પણ પ્રેમ ને શ્રદ્ધાને લીધે તે મંત્ર તેમને માટે સર્વોત્તમ પૂરવાર થયો તથા તેમને રામનો સાક્ષાત્કાર કરાવી શક્યો હતો. માટે ખોટા તર્કવિતર્ક કરીને સંદેહમાં ના પડો.



જિજ્ઞાસુ : કોઇ મંત્રની પસંદગી ન થઇ શકે તો શું કરવું?

જવાબ : અનુભવી પુરુષની સલાહ લેવી અથવા તો મંત્રની પસંદગીમાં એમની મદદ મેળવવી. એથી કામ સહેલું થશે.

જિજ્ઞાસુ : પરંતુ કોઇ અનુભવી પુરુષ ના મળે તો શું કરવું?

જવાબ : ન મળે એવું બને જ નહિ. પૃથ્વી ઘણી વિશાળ છે અને જેવા જોઇએ તેવા પુરુષો એમાં મળી રહે છે. ફક્ત એમને મેળવવા માટેની પ્રમાણિક ઇચ્છા, ઝંખના, લગન કે તરસ જોઇએ, તો તે જરૂર મળે છે. કદાચ એમને મેળવવામાં વિલંબ થાય પરંતુ એમના મળવામાં તો સંદેહ નથી જ. ત્યાં સુધી તમને જે વધારે યોગ્ય લાગે તે એક મંત્રને પસંદ કરીને તેના જપ કરવાનું ચાલુ રાખો. પરંતુ મિથ્યા વિચારો કરીને બેસી ન રહો. જીવનની પળેપળ કીમતી છે. તે વહી રહી છે તેનો સદુપયોગ કરી લેવાનો છે.

જિજ્ઞાસુ : એકલા જપ કરવા જોઇએ કે જપ ને ધ્યાન બંને કરવા જોઇએ?

જવાબ : જપ જો એકાગ્રતાપૂર્વક થશે તો એની સાથે

ધ્યાન આપોઆપ થયા કરશે. પરંતુ એવી એકાગ્રતા ન થતી હોય તો, જેના જપ કરવામાં આવે છે એનું ધ્યાન પણ કરવું જોઇએ. એથી શરૂઆતમાં મોટી મદદ મળશે, ને ચિત્તવૃત્તિ સહેલાઇથી સ્થિર થઇ જશે. જેનું ધ્યાન કરો તેના ગુણ કે સ્વભાવનું ચિંતન કરો તથા વચ્ચે વચ્ચે તેની પ્રાર્થના કરતા રહો તો એનાથી પણ ભાવને ગાઢ બનાવવામાં મદદ મળશે.

## સદ્ગુરુ વિશે

પ્રશ્ન : મારે આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે કોઇ ગુરુની આવશ્યકતા ખરી?

ઉત્તર : આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે તમારે કોઇ ગુરુની આવશ્યકતા છે કે નથી તેનો નિર્ણય મારે નહિ પણ તમારે જ કરવાનો છે; એ નિર્ણય કરવામાં હું મારી રીતે મદદરૂપ થઇ શકું, પરંતુ છેવટનો નિર્ણય તમારે જ કરવાનો છે. કોઇ કોઇને માટે એ સંબંધે અંતિમ નિર્ણય ના કરી શકે. કરે તો પણ દીર્ઘ સમયપર્યંત કે છેવટ સુધી ચાલે નહિ.

પ્રશ્ન : ગુરુ વિના આધ્યાત્મિક ઉન્નતિના મંગલ માર્ગે આગળ વધી જ ના શકાય એ સાચું છે?

ઉત્તર : મને પોતાને એવું નથી લાગતું.

પ્રશ્ન : કેમ?

ઉત્તર : આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે ગુરુ અનિવાર્યરૂપે આવશ્યક નથી. અને હોય તો પણ જીવન વિકાસના એવા કેટલાય નિયમો, તપો તથા વ્રતો છે જેમનું પરિપાલન અથવા અનુષ્ઠાન ગુરુની રાહ જોયા સિવાય પોતાની મેળે જ કરી શકાય.



પ્રશ્ન : દાખલા તરીકે?

ઉત્તર : દાખલા તરીકે રોજ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પરમાત્માની પ્રાર્થના કરવા માટે અને સ્નાનાદિથી નિવૃત્ત થઇને સદ્ગ્રંથોના સ્વાધ્યાયનો ને નામજપ સાથેના કે નામજપ સિવાયના ધ્યાનનો આધાર લેવા માટે સદ્ગુરુની આવશ્યકતા છે જ એવું થોડું છે? પોતાના જીવનનું આત્મનિરીક્ષણ કરવા, પોતાની ત્રુટિઓને તપાસવા તથા તેમનામાંથી મુક્તિ મેળવવા માટે ગુરુની પ્રતીક્ષા કરીને અનિશ્ચિત કાળ પર્યંત બેસી રહેવું પરવડે તેમ છે? વ્યસનોના શિકાર ના બનવું હોય ને વ્યસનોમાંથી મુક્તિ મેળવવી હોય તો ગુરુની ઉપસ્થિતિ અનિવાર્ય છે? રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરવી હોય ને વીતેલા વખતનું નિરીક્ષણ કરીને નૂતન સંકલ્પો કરવા હોય તો ગુરુ સિવાય કરી શકાય જ નહિ? એ સૌને માટે ગુરુની પ્રતીક્ષા કરીને બેસી રહેવું જોઇએ? જીવનવિકાસને માટેની એવી બધી ને બીજી ઉપયોગી વાતોનો અમલ પોતાની મેળે પણ કરી શકાય છે. જ્યારે કોઇક બહારના સ્થૂળ માનવ ગુરુની આવશ્યકતા હશે ત્યારે આપણી યોગ્યતાનો કે પાત્રતાનો વિચાર કરીને ઈશ્વર જ એમને મોકલી આપશે.

પ્રશ્ન : એવા સદ્ગુરુની પ્રાપ્તિ વ્યવહારમાં રહીને કરી શકાય?

ઉત્તર : શા માટે ના કરી શકાય? સદ્ગુરુની પ્રાપ્તિના પવિત્ર કાર્યમાં વ્યવહાર વચ્ચે આવતો નથી કે બાધક બનતો નથી. સદ્ગુરુની સંપ્રાપ્તિ માટે જેનું મુખ્ય મહત્ત્વ હોય છે તે તો માનવનું મન છે. મનમાં એમને મેળવવા માટેના મનોરથ જાગતાં અને આતુરતા વધતાં જ્યાં પણ હોઇએ ત્યાં એમનાં

દર્શન, સમાગમ, અનુગ્રહનો દેવદુર્લભ લાભ મળી રહે છે.

પ્રશ્ન : સદ્ગુરુની સેવા કેવી રીતે કરવી?

ઉત્તર : એમની આવશ્યકતા અથવા અભિરુચિને અનુસરીને. એ સેવાનાં સ્વરૂપો જુદાં જુદાં હોઈ શકે, છતાં પણ એમની મહત્ત્વની સેવા એમના પ્રદર્શાવેલા પ્રગતિપંથ પર પ્રયાણ કરવામાં અને અંતતો ગત્વા જીવનનું આધ્યાત્મિક કલ્યાણ કરવામાં રહેલી છે. એમની સેવા પરમ અને અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને, સર્વ પ્રકારની શંકા–કુશંકામાંથી કાયમ માટે મુક્તિ મેળવીને કરવી જોઈએ. એમનામાં દોષદર્શન કરનાર કદી પણ એમની સાચી સેવા નથી કરી શકતો અને એમનો પૂરેપૂરો લાભ પણ નથી પામી શકતો. દોષદર્શન કરવું જ હોય તો પોતાનું દોષદર્શન જીવન વિકાસના સાધકને માટે ખૂબ ખૂબ મદદરૂપ બની શકે. અન્યને અને એમાંય સદ્ગુરુને સાચી રીતે એમના વાસ્તવિક સ્વરૂપમાં ઓળખવાનું કામ અતિશય અઘરું છે. એને માટે એમની અહેતુકી અનંતકૃપા જોઈએ. એમને ઓળખવાની યોગ્યતા સિવાય એમને માટે ગેરસમજ થવાનો અને અનુચિત ભળતા અભિપ્રાયો આપવા–અપાવવાનો સંભવ રહે છે.

### સુવાક્ય

દુશ્મન સામે પણ મૌન એ ખૂબ જ અસરકારક વૃત્તિ છે, રામબાણ ઈલાજ છે.

ક્રોધની અગ્નિમાં માનવની માનવતા બળીને રાખ થઈ જાય છે, બુદ્ધિ પર અજ્ઞાનનું આવરણ લાગી જાય છે.



## સંત તુકારામની વાણી

અમને હરિના સેવકોને ત્રણે લોકમાં કોઈપણ વાતનો ભય હોય જ નહિ, કારણ કે અમારાં દરેક પ્રકારનાં સંકટોમાંથી બચાવ કરવા અમારી આગળ અને પાછળ એ ઊભા જ છે. દેવનો સ્વભાવ એવો છે કે આપણે આપણા મનની ભાવના પ્રમાણે તેમની પાસે જે કામ કરાવવાનો સંકલ્પ કરીએ તે તે કામ તે કરે જ છે. અને જેથી આપણી ભાવના તેવા તે આપણી સારું બની જાય છે. ભક્તોનાં કામ કરવાને સારું તે પોતે ભક્તોની પાસે દોડ્યા જાય છે. તુકારામ કહે છે હું તો મારે મોઢેથી ફક્ત વિઠોબાનું નામ ગાયા કરીશ અને તેથી થતાં આનંદમાં મગ્ન રહીશ.

* * * * *

રસ્તે ચાલતાં ડગલે ને પગલે પાંડુરંગ માવડીનું જ ચિંતન કરવું જોઈએ. એવું કરવાથી દેવ પોતે પોતાનો તમામ આનંદ સાથે લઈને ચિંતન કરનારની આગળ આગળ ચાલતા જાય છે, અને પોતાના નામના માધુર્યના ઘૂટડા તેના ગળામાં રેડતા રહે છે. વળી પોતાના ભક્તની ઉપર દેવ અતિ મમતા સહિત પોતાના પીતાંબરની છાયા કરે છે અને પોતાના માધુર્યનો રસ તેને ગળે બરાબર ઊતર્યો કે નહિ તે જાણવા માટે તેના મોઢા સામે જુએ છે. તુકારામ કહે છે કે તમારે તમારી વાણીદ્વારા બધો વખત નારાયણનું નામ ગાયા કરવું અને તેમના જ નામને તમારા જીવનનો મુખ્ય આધાર માની લેવો. એમ કરવાથી તમને ભૂખ તરસ વગેરેની કશી ખબર જ નહિ પડે.

# પતીજ તારી જાશે

(રાગ : કેમ ભૂલે, કેમ ભૂલે)

માનું જતન કરજો,
મારા પ્રભુ માનું જતન કરજો.
મારી અરજી તો ઉરમાં ધરજો,
મારા પ્રભુ માનું જતન કરજો.

જીવન એણે હોડમાં મૂક્યું,
ચાટી શકાય નહિ ભોંયે જક્યું,
દેહ એણે તાવી નાંખ્યો,
ઉપવાસે એણે ગાળી નાંખ્યો,
તોયે પ્રભુ તું ના જાગ્યો...... મારા પ્રભુ.

પૂરી થઇ ન શું માની કસોટી?
વાત કરો છો મોટી, મોટી,
જગે મળશે નહિ એની જોટી...... મારા પ્રભુ.

શું રહ્યું છે હજી બાકી?
જુઓ છો શું તાકી તાકી?
દર્શન આપોને મુરારિ...... મારા પ્રભુ.

બહુ ખેંચશો તો તૂટી જાશે,
તૂટી જાશે તો હાંસી થાશે,
પતીજ તમારી જાશે...... મારા પ્રભુ.

દુર્લભજી ભક્ત (સ્યાદલા)



# રામકથા

યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

પરંતુ શૂર્પણખા એમ શાંત બનીને બેસી રહે એમ ન હતી. એ બોલી : 'મારા પરાક્રમનો પરિચય તમને બંનેને હમણાં જ આપી દઉં છું. અને એણે પોતાના ભયાનક સ્વરૂપથી સીતાને ભય પમાડવાનો પ્રયાસ કરતાં રામ લક્ષ્મણ પર તૂટી પડવાની તૈયારી કરવા માંડી.' એના એ દુસ્સાહસને દેખીને રામે જરાક કડકાઇથી કહ્યું : 'લક્ષ્મણ જોઇ શું રહ્યો છે. એને દંડ કરવામાં નહિ આવે ત્યાં સુધી એનો ઘમંડ નહિ ટળે, અને એનું ગુમાન પણ નહિ મટે. આ ભયંકર વાસનાનો શિકાર બનેલી રાક્ષસીને એના રૂપનું અભિમાન છે. તું એના રૂપને વિકૃત કરી દે, એને અંગહીન બનાવી દે, પછી જો કે એ શું કરે છે. એને મૃત્યુ દંડ દેવો બરાબર નથી પરંતુ બીજો યાદગાર દંડ તો દેવો જ પડશે.'

રોષે ભરાયેલા લક્ષ્મણે રામના આદેશને માથે ચઢાવ્યો ને હાથમાં તલવાર લઇને શૂર્પણખાનાં નાક કાન કાપી લીધાં. શૂર્પણખાએ લક્ષ્મણના સકંજામાંથી છટકવાનો ઘણોયે યત્ન કરી જોયો પરંતુ એનો પ્રયત્ન નિષ્ફળ ગયો. નાક તથા કાન વગરની શૂર્પણખા ખૂબજ ભયંકર દેખાવા લાગી એ જોરથી પોકારો પાડવા ને રોવા માંડી. એનું શરીર આકાશમાં ફેલાયેલી સંધ્યાની સમતા કરતું રક્તથી રંગાઇ ગયું. એવી દયનીય દશામાં એ ધરતી તથા ગગનને ગજાવતી વનમાં નાસવા લાગી. વનમાં રાક્ષસોની સેના સાથે રહેતા પોતાના ભાઇ ખરની આગળ આવીને એ ઊંચા સ્વરે આક્રંદ કરતી ધરતી પર ઢળી પડી. ખરનું કાળજું એની એવી દુર્દશા દેખીને કંપી ગયું.

ઘડીભર તો એને સમજાયું નહિ કે આ શું થયું ? પછી એણે પૂછયું. 'અરેરે, તારી આવી દુર્દશા કોણે કરી ? મારા જીવતાં તને આ શું થયું ? તારાં કાન ને નાક કોણે અને શા માટે કાપ્યાં ? એવો અપરાધ કરીને મૃત્યુના મુખમાં પડવાનું કોણે પસંદ કર્યું ? આવા ઘોર અપરાધ કરનારનું મને નામ દે તો હું એ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં હશે તો પણ એને જીવતો નહિ છોડું.'

શૂર્પણખાએ કલ્પાંત કરતાં કહ્યું 'હું તને એ અપરાધીના સંબંધમાં શું કહું ? નાક તથા કાન કાપવા કરતાં તો એમણે મારી હત્યા કરી હોતતો ઘણું સારું થાત. પ્રત્યેક સૌંદર્યવતી સ્ત્રીના સંબંધમાં બને છે તેવું જ મારા સંબંધમાં જ બની ગયું છે. પંચવટીમાં અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામ ને લક્ષ્મણ વાસ કરે છે. તેમની સાથે સીતા નામની સુંદર સ્ત્રી પણ છે. એ બંને ભાઇઓને એમના પિતાએ કોઇક ભારે અપરાધની શિક્ષારૂપે રાજ્યની બહાર કાઢી મૂક્યા છે, એટલે એ વનમાં ફર્યા કરે છે. ગોદાવરી નદીના તટપર એમણે આશ્રમ બાંધ્યો છે. ત્યાં હું આજે એકાએક ફરતી ફરતી ચાલી ગઇ. પરંતુ મેં કહ્યું તેમ મારું રૂપ જ મારી વચ્ચે આવે છે. તું તો જાણે છે કે મારું રૂપ કેટલું બધું અસાધારણ છે ?'

'અત્યંત અસાધારણ આવું અદ્‌ભુત રૂપ તો ભાગ્યે જ હોઇ શકે. મેં તો ક્યાંય નથી જોયું. યક્ષ ગંધર્વ દેવ કે દાનવ કોઇનું રૂપ આટલું બધું ઉત્તમ નહિ હોય. તો પછી મનુષ્યોનું તો કહેવું જ શું ?'

'હા પરંતુ એ રૂપ જ મારે માટે મારક થઇ પડયું.'

'કેવી રીતે ?' તું ના સમજ્યો ? મને જોઇને એ બંને રાજકુમારો મોહિત થઇ ગયા ને મારી સાથે લગ્ન કરવાની માગણી કરવા લાગ્યા. મેં એમને ઘણાયે સમજાવી જોયા પરંતુ એ ના માન્યા. 'પછી ?'

'પછી શું ? એ કામવશ રાજકુમારો મને બળપૂર્વક પકડીને મારા પર આક્રમણ કરવા તૈયાર થયા. મારો જાન જોખમમાં આવી પડયો. છતાં પણ મેં એમનો સામનો કર્યો. હું એમને તાબે ના થઇ એથી ક્રોધે



ભરાઇને એમણે મારા નાક કાન કાપી લીધાં ને મને બેડોળ બનાવીને તથા બેહાલ કરીને છોડી દીધી. તારા જીવતાં મારી આવી ભયંકર દુર્દશા થઇ તે જોઇને મને અસહ્ય આઘાત લાગ્યો છે ને પારાવાર દુઃખ થયું છે. એમના અક્ષમ્ય અપરાધ બદલ તું એમનો નાશ કરીશ અને એમના રક્તનું પાન કરીશ ત્યારે જ મારો આત્મા શાંત થશે ને મને સુખ મળશે. તે વિના મારી અશાંતિ કદી પણ નહિ મટે. તું એમના નાશના અને એમની સાથેની સુંદરી સીતાના હરણની પ્રતિજ્ઞા કર. તે તારે યોગ્ય જ છે.'

શૂર્પણખાના શબ્દો સાંભળીને ખર ઉત્તેજિત બની ગયો ને બોલ્યો. 'તારી આવી ભયંકર દુર્દશા કરનાર એ નરાધમોને હું હવે જીવતા નહિં છોડું. મારી એવી પ્રતિજ્ઞા છે. તારા પર કુદૃષ્ટિ કરવા માટે તથા તને અંગભંગ કરવા માટે એમનો સંહાર કરીશ ત્યારે જ મને શાંતિ વળશે. એમનો નાશ કરીને સીતાને મારી રાણી બનાવીશ, અથવા તું કહેશે તો તારી દાસી કરી દઇશ.'

શૂર્પણખાને નિરાંત થઇ. એને માટે આટલી બાંયધરી પૂરતી હતી.

ખરની પ્રતિજ્ઞાથી એની રામ, લક્ષ્મણ તથા સીતા પ્રત્યેની વેરભાવના સંતોષાઇ. એના અશાંત અંતરને થોડીક શાંતિ વળી.

એ પછી ખરે પોતાના મુખ્ય ચૌદ રાક્ષસોને બોલાવ્યા અને એમના યુદ્ધ કર્તવ્યની સમજ પૂરી પાડી.

બીજે દિવસે શૂર્પણખા એ ચૌદ રાક્ષસો સાથે પંચવટી જઇ પહોંચી. રાક્ષસોને એણે રામ ને લક્ષ્મણની ઓળખાણ કરાવી.

રામ એ ક્રૂર રાક્ષસીએ પેદા કરેલી બધી પરિસ્થિતિને સમજી ગયા. એમણે લક્ષ્મણને સીતાની રક્ષા કરવાનું કામ સોંપ્યું અને રાક્ષસો પાસે જઇને કહેવા માંડયું.

'તમે શૂર્પણખાની સાથે શા માટે આવ્યા છો ?'

'તમારો નાશ કરવા.' રાક્ષસો બોલી ઊઠયા.

'અમારો નાશ કરવા ?'

'હા. અમારો જન્મ જ તમારા જેવા નરાધમોના સંહાર માટે છે.'

'નરાધમ અમે છીએ કે તમે છો ?'

'તમે છો તમે. એટલે તો શૂર્પણખાનાં નાક કાન કાપી નાંખ્યાં.'

( ક્રમશઃ )


દુઃખદ દુર્વાસનાનાં તો, કરવાં પૂરાં ત્યાગ;
ગર્વ કામનાઓ ત્યાગવી, રાખી સુદૃઢ વિરાગ. નાથભગવાન

IS. 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨


## * એકાંત કયાં શોધશો ? *

કેટલાક માણસો એકાંતની શોધમાં રહે છે. સમુદ્રકિનારે, પર્વત ઉપર, વનમાં કે કોઈ નિર્જન સ્થાનમાં આશ્રમ બનાવી રહે છે. તમે પણ એમ જ કરવા ઇચ્છો છો ? એથી વધી જાય એવી કોઇ મૂર્ખતા હોઈ શકે નહિ. જ્યારે ઇચ્છો ત્યારે કોઇ પણ જગ્યાએ એકાંત સ્થાન મળી શકે છે. સારા વિચારો અને સાધનાથી ચિત્તને જે શાંતિ મળે છે એથી વધુ શાંતિ કયા એકાંતવાસમાં મળી શકે ? જ્યારે જરૂર લાગે ત્યારે પોતાના મનરૂપી એકાંત આશ્રમમાં પ્રવેશ કરો. એથી તમને શાંતિ મળશે. તમારૂં મનોબળ વધશે. ત્યાં એકાગ્રતાથી તત્ત્વચિંતન કરો. એથી સાંસારિક કે વ્યક્તિગત કોયડાઓ અને ગૂંચવણોને ભૂલી શકાશે. દુનિયાના સંકટોનો સામનો કરતાં કરતાં મનને પ્રફુલ્લિત રાખવાની આ જ દવા છે.

## * કેમ જીવાય ? *

જીવનને એવી રીતે વીતાવો નહિ કે જાણે તમે સેંકડો વર્ષ જીવવાના હો. મૃત્યુ બારણામાં ઊભું છે, કોઈ પણ ક્ષણે તે ઘરમાં પ્રવેશ કરી શકે છે. એ માટે અત્યારથી જ તૈયારી રાખો. તમારા અંતઃકરણને સ્વચ્છ રાખો. બીજાઓએ શું કર્યું, શું વિચાર્યું, એવી નકામી ભાંજગડોમાં સમય ગુમાવશો નહિ. આત્મનિરીક્ષણ કરો અને ધર્મમાર્ગ પર ચાલો. એમ કરવાથી સમય નકામો નહિ જાય અને તમારૂં ભલુંય થશે. આમતેમ જોશો નહિ. તમારી નજર તમારા ધ્યેય તરફ જ રાખો.

માર્કસ ઓરેલિયસ

## શાન્તિ, પ્રસન્નતા ને પરમાનંદની
### ✻ પ્રાપ્તિનો ઉપાય ✻

શાન્તિ, પ્રસન્નતા ને પરમાનંદ ભોગમાં નથી, પણ યોગમાં છે. વિલાસમાં નથી પણ સંયમમાં છે. અનાત્મ પદાર્થોની આસક્તિમાં નથી, પણ આત્માના અનુસંધાન અને અનુરાગમાં છે. પરમાત્મામાં છે. યોગસાધનાથી એમની પ્રાપ્તિ થાય છે. એ આપણી અંદર જ છે. એમની આયાત કયાંય બહારથી નથી કરવાની. આત્મા સ્વયં શાન્તિસ્વરૂપ છે. પરમાત્મા પ્રસન્નતા તથા પરમાનંદના પરમ પારાવાર છે. એમની પ્રત્યે અભિમુખ બનવાથી, એમના અનુગ્રહથી મન પ્રસન્ન થાય છે. યોગીનું એક લક્ષણ એ હોય છે કે એ સદા પ્રસન્ન રહે છે. અનુકૂળતામાં પણ પ્રસન્ન, પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન. સંપત્તિમાં પ્રસન્ન, વિપત્તિમાં પણ પ્રસન્ન, લાભમાં પ્રસન્ન, હાનિમાં પ્રસન્ન, જયમાં પ્રસન્ન, પરાજયમાં પ્રસન્ન, સર્વ કાળે, સર્વ સ્થળે સર્વાવસ્થામાં પ્રસન્ન. જીવનમાં આજે અશાન્તિ છે, વાતાવરણમાં વિષાદ વધી પડ્યો છે; શોક છવાયો છે. યોગસાધનાનો આધાર લેવાથી એની નિવૃત્તિ થઈ શકે છે, સંપૂર્ણ નિવૃત્તિ થઈ શકે છે. એથી જેણે પણ શાન્તિ, પ્રસન્નતા ને પરમાનંદની પ્રાપ્તિ કરવી હશે, તેણે એનો આધાર લીધા વિના છૂટકો નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર